### નાયબ મામલતદાર અલ્પેશ મકવાણા પસાર થતાં હોય

# બાબરા–ચમારડી માર્ગ ઉપર અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલ ખેડૂતને સમયસર સારવાર પહોંચી

### ઈજાગ્રસ્ત ખેડૂતને કારમાં બેસાડી દવાખાને પહોંચાડયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

બાબરા તાલુકાનાં ચમારડી–બાબરા રોડ પર આજરોજ એકઅકસ્માતનીઘટનાબનીહતી. પ્રાપ્ત વિગતો મુજબ ખેડૂત નાથાભાઈ અસલાલીયા પોતાની વાડીએ સનેડો ટ્રેકટર લઈને જઈ રહ્યા હતા ત્યારે અચાનક સનેડો પલ્ટી ખાઈ જતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા બાબરાના નાયબ મામલતદાર અલ્પેશભાઈ મકવાણાએ માનવતા દાખવી તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઘાયલ ખેડૂતને પોતાની સરકારી ગાડીમાં બેસાડી બાબરા સરકારી હોસ્પિટલ ખાતે પહોંચાડયા હતા. તેમની સમયસરની મદદને કારણે ઘાયલ ખેડૂતને વિલંબ વિના સારવાર મળી શકી હતી.

બાબરા સરકાર હોસ્પિટલ ખાતે ફરજ પરના ડો. સાકિર વોરાએ પણ દર્દીની તાત્કાલિક તપાસ કરી જરૂરી સારવાર શરૂ કરી હતી. સમયસર મળેલી મદદ અને ઝડપી સારવારને કારણે ખેડૂતને રાહત મળી હોવાનું જાણવા મળ્યું છે.

સ્થાનિક લોકો ધ્વારા નાયબ મામલતદાર અલ્પેશભાઈ મકવાણાની સંવેદનશીલ કામગીરી અને ડો. સાકિર વોરાની ત્વરિત સારવારની પ્રશંસા કરવામાં આવી હતી. આ ઘટનાએ ફરી એકવાર સરકારી અધિકારીઓની માનવતાભરી કામગીરીનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું છે.

### ગ્રેચ્યુટી, હકક રજા અને એરિસર્યને લઈને

# અમરેલી નગરપાલિકાનાં ૪૫ નિવૃત્ત કર્મચારીઓને ર.૮૦ કરોડની ચુકવણી કરાશે

### પાલિકાનાં પ્રમુખ સહિતનાં શાસકોનો આભાર માનતા નિવૃત્ત કર્મચારીઓ







અમરેલી, તા. ૨૩

અમરેલી નગરપાલિકામાં પેન્શન યોજના અમલમાં ન હોવાથી નિવૃત કર્મચારીઓ માટે નિવૃત્તિ બાદ મળતી ગ્રેચ્યુટી, હક્કરજા અને એરિયર્સની રકમ જ જીવનનિર્વાહનો મુખ્ય આધાર બની રહે છે. આવા સંજોગોમાં લાંબા સમયથી પોતાની હક્કની રકમની રાહ જોતા ૪૫ નિવૃત કર્મચારીઓને કુલ રૂ. ૨.૮૦ કરોડની ચૂકવણી કરવામાં આવતા કર્મચારીઓ અને તેમના પરિવારમાં આનંદની લાગણી પ્રસરી છે.

મળતી માહિતી મુજબ, અમરેલી નગરપાલિકાના અનેક નિવૃત કર્મચારીઓને વર્ષોથી ગ્રેચ્યુટી, હક્કરજા અને એરિયર્સ જેવી કાયદેસરની ચૂકવણીઓ બાકી હતી. પેન્શન યોજનાનો લાભ પણ ઉપલબ્ધ ન હોવાથી નિવૃત્તિ બાદ તેમની નિયમિત આવક બંધ થઈ જતી હતી, જેના કારણે જીવનનિર્વાહમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. નિવૃત્તિ બાદ મળતી આ રકમ કર્મચારીઓ માટે 'મરણમૂડી' સમાન ગણાય છે.

આ પ્રશ્નને લઈને નિવૃત કર્મચારીઓએ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળિયા, ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ તેમજ કારોબારી ચેરમેન મૌલિક ઉપાધ્યાય સમક્ષ રજૂઆત કરી હતી. રજૂઆતને ગંભીરતાથી લઈને પ્રમુખ દ્વારા ચીફ ઓફિસર વિનોદ રાઠોડનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

ત્યારબાદ વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરીને ૪૫ નિવૃત કર્મચારીઓને તેમની ગ્રેચ્યુટી, હક્કરજા અને એરિયર્સની મળીને અંદાજે રૂ. ૨.૮૦ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. લાંબા સમયથી અટવાયેલી રકમ મળતા નિવૃત કર્મચારીઓ અને તેમના પરિવારમાં રાહત અને ખુશીની લાગણી જોવા મળી હતી.

નિવૃત કર્મચારીઓએ જણાવ્યું હતું કે, આ રકમ તેમના માટે માત્ર નાણાંકીય સહાય નહીં પરંતુ જીવનની મોટી સુરક્ષા સમાન છે. તેમણે અમરેલી નગરપાલિકાના પ્રમુખ, પદાધિકારીઓ તથા ચીફ ઓફિસરનો આ નિર્ણય બદલ આભાર વ્યકત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, અમરેલી નગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમ વખત એક સાથે ૪૫ નિવૃત કર્મચારીઓને રૂ. ૨.૮૦ કરોડ જેટલી માતબર રકમની ચૂકવણી કરવામાં આવી હોવાનું માનવામાં આવી રહ્યું છે, જેને કર્મચારી હિતમાં લેવાયેલ મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય તરીકે જોવામાં આવી રહ્યો છે.

### શહીદ વીર જે.જે. જોગદીયા ટ્રસ્ટનાં નેતૃત્વમાં

# રાજુલાનાં મામલતદારને આવેદનપત્ર પાઠવીને શિક્ષણક્ષેત્રમાં સુધારાની માંગ

### મોટી સંખ્યામાં યુવાનો અને વિદ્યાર્થીઓ જોડાયા



અમરેલી, તા. ૨૩

રાજુલા ખાતે આજે શહીદ વીર જે.જે. જોગદીયા ટ્રસ્ટ છેલણાનાં નેતૃત્વમાં યુવાનો અને વિદ્યાર્થીઓએ મામલતદારને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, દેશની શિક્ષણ વ્યવસ્થામાં છેલ્લા કેટલાક વર્ષોથી વારંવાર પરીક્ષાઓના પેપર લીક થયાની ગંભીર ઘટનાઓ સામે આવી રહી છે. ખાસ કરીને નીટ જેવી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પરીક્ષાઓમાં થયેલા પેપર લીકના આરોપોએ લાખો મહેતતુ વિદ્યાર્થીઓના ભવિષ્ય પર ગંભીર પ્રશ્નચિહન ઊભું કર્યુ છે. આવી ઘટનાઓને કારણે વિદ્યાર્થીઓમાં ભારે માનસિક તણાવ, નિરાશા અને અસુરક્ષાની લાગણી ફેલાઈ રહી છે.

વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પર પણ તેની ગંભીર અસર પડી રહી છે. પરીક્ષાના દબાણ અને અનિશ્રિયતાને કારણે વિદ્યાર્થીઓ દ્વારા આત્મહત્યાના અનેક દુઃખદ બનાવો સામે આવ્યા છે, જે દેશની શિક્ષણ વ્યવસ્થામાં તાત્કાલિક અને વ્યાપક સુધારાની જરૂરિયાત દર્શાવે છે.

વધુમાં જણાવેલ છે કે, (૧) કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન નૈતિક જવાબદારી સ્વીકારી પોતાના પદેથી રાજીનામું આપે, (૨) નીટ સહિત તમામ રાષ્ટ્રીય પરીક્ષાઓ સંપૂર્ણ પારદર્શક, નિષ્પક્ષ અને સુરક્ષિત રીતે યોજવામાં આવે, (૩) પેપર લીકના તમામ કેસોની સમયબદ્ધ અને નિષ્પક્ષ તપાસ કરીને દોષિતો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે, (૪) વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને પરીક્ષા સંબંધિત તણાવ ઘટાડવા માટે અસરકારક પગલાં લેવામાં આવે, (૫) દેશની શિક્ષણ વ્યવસ્થામાં વિદ્યાર્થીઓનો વિાસ પુનઃ સ્થાપિત થાય તે માટે જરૂરી સુધારાઓ કસ્વવાસા આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

### જનતા જનાર્દનનાં પરસેવાના પૈસાનો દુરૂપયોગ યોગ્ય નથી


# લીલીયા મોટામાં કરોડો રૂપિયાના ખર્ચે ચાલતી 'નલ સે જલ' યોજનાની કામગીરીમાં દે ધનાધન

### ઉચ્ચકક્ષાએથી તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ

લીલીયા, તા. ૨૩

લીલીયા શહેરની સ્થિતિ અંધેર નગરીમાં ગંડુરાજા જેવી છે સરકારમાંથી લોકોની સુખાકારી માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ વિવિધ યોજનાઓ માટે મંજૂર થઈને આવેલ છે સ્થાનિક નબળી અને ભાગ બટાઈ વાળી નીતિના કારણે લોકો સુધી પૂરતા પ્રમાણમાં સુખાકારી પહોંચતી નથી.

શહેરમાં પાછલા કેટલા સમયથી કરોડો રૂપિયાના ખર્ચે ભૂગર્ભ ગટર રીનોવેશન અને 'નલ સે જલ' યોજના અંતર્ગત હાઉસ કનેકશનની કામગીરી અતિ નબળી અને નીતિ નિયમને નેવે મૂકી ચાલી રહી છે તે અંગે અવાર નવાર સ્થાનિક લોકોએ રજૂઆત કરેલ હોવા છતાં જવાબદારો સામે પગલા ભરવામાં જવાબદાર તંત્ર નિષ્ફળ નિવડયું છે તે સમયે ભૂગર્ભ ગટર રીનોવેશન અને હાઉસ કનેકશન કામગીરીની ઉચ્ચ કક્ષાએથી તપાસ હાથ ધરવામાં ઉઠેલ છે.



તાલુકા આમ આદમી પાર્ટી પ્રમુખ વિજયભાઈ વિરાણીએ જણાવ્યું હતું કે ભૂગર્ભ ગટર રીનોવેશન અને 'નલ સે જલ' યોજના અંતર્ગત હાઉસ કનેકશનની કામગીરી નબળી ચાલી રહી છે તેની તાલુકા સ્વાગત અને જિલ્લા સ્વાગતમાં પ્રશ્ન રજૂ કરેલ હોવા છતાં આજ દિન સુધી નકર પરિણામ મળેલ નથી. તેમ મનોજ જોષીની યાદીમા જણાવેલ.

# સાવરકુંડલા રૂરલ પોલીસમાં જી.આર.ડી.ની ભરતી શરૂ

સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન દ્વારા ગ્રામ રક્ષક દળ (જી.આર.ડી.) માટે ફક્ત પુરૂષ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ભરતી માટેના અરજી ફોર્મ ૨૨ જુલાઈ, ૨૦૨૬થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ખાતેથી રૂબરૂ મળી શકશે.

આ ભરતીમાં ભાગ લેવા માટે ઉમેદવાર ધોરણ–૩ પાસ, ૨૦થી ૪૦ વર્ષની ઉંમરનો તેમજ ભરતી સમિતિ દ્વારા નક્કી કરાયેલા ગામોના રહેવાસી હોવો આવશ્યક છે. ભરતી માટે વિજપડી, લીંભાળા, ભમ્મર, ચીખલી, નાનીવાડાળ,વિજીયાનગર, નેસડી, ધજડી, અમરાપરા, જાબળ, આંબરડી, અમૃતવેલ, ધાર, ભૂવા અને જૂનાસાવર સહિતના ગામોના ઉમેદવારો અરજી કરી શકશે. શારીરિક કસોટીમાં ઉમેદવાર માટે ૧૬૨ સે.મી. ઊંચાઈ, ૫૦ કિલો વજન, ૭૮થી ૮૪ સે.મી. છાતી તેમજ ૧૫૦૦ મીટરની દોડ ૮ મિનિટમાં પૂર્ણ કરવાની રહેશે.

પોલીસ તંત્રએ સ્પષ્ટ કર્યુ છે કે, અરજી ફોર્મ મેળવવા ઉમેદવારે જાતે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ખાતે હાજર રહેવું પડશે. આ ભરતી માત્ર પુરૂષ ઉમેદવારો માટે હોવાથી મહિલા ઉમેદવારોએ અરજી માટે આવવાનું રહેશે નહીં. લાયક ઉમેદવારોએ નિયત સમયમર્યાદામાં અરજી કરી આ તકનો લાભ લેવા પોલીસ વિભાગે અપીલ કરી છે.

# રાજુલા આઈ.ટી.આઈ ખાતે આજે કેમ્પસ ઇન્ટરવ્યૂ યોજાશે

અમરેલી, તા. ૨૩

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.), રાજુલા ખાતે તા. ૨૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ઈન્ડો એશિયા કોપર લિમિટેડ, લુણસાપુર (તા. જાફરાબાદ, જિ. અમરેલી) દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી પ્રક્રિયામાં ફિટર, મિકેનિક મેન્ટેનન્સ કેમિકલ પ્લાન્ટ અને એટેન્ડન્ટ ઓપરેટર કેમિકલ પ્લાન્ટ ટ્રેડ માટે દરેકમાં ૨૦–૨૦ જગ્યાઓ ઉપલબ્ધ રહેશે. આ ટ્રેડમાં પાસ આઉટ થયેલા તેમજ ચાલુ વર્ષે પરીક્ષા આપેલા તાલીમાર્થીઓ કેમ્પસ ઈન્ટરવ્યૂમાં ભાગ લઈ શકશે.

પસંદગી પામનાર તાલીમાર્થીઓને પ્રથમ વર્ષ દરમિયાન રૂ. ૧૫,૫૦૦ પ્રતિ માસ સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવશે. ઉપરાંત કંપની દ્વારા રહેઠાણ, પરિવહન તેમજ સબસિડાઈઝડ કેન્ટીન જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમ આચાર્ય આઈ.ટી.આઈ. રાજુલાએ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

રાજુલા આઈ.ટી.આઈ.ના આચાર્યએ સંબંધિત ટ્રેડના તમામ લાયક તાલીમાર્થીઓને આ રોજગારલક્ષી કેમ્પસ ઈન્ટરવ્યૂમાં હાજરી આપી રોજગારીની ઉત્તમ તકનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

# સાવરકુંડલા ખાતે વિદ્યાર્થી સહકારી મંડળીની સાધારણ સભા યોજાઈ



સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલા નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. કાણકિયા આર્ટસ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે વિદ્યાર્થી કેમ્પસ સહકારી મંડળીની ત્રીજી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ પ્રસંગે અમરેલી જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનીષભાઈ સંઘાણી, ડિરેકટર શરદભાઈ પંડયા, શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ્ધસિંહ રાઠોડ અને યુવા અગ્રણી શિવાંગભાઈ ત્રિવેદી સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય ડો. એસ.સી. રવિયાએ સ્વાગત પ્રવચન આપી મંડળીની કામગીરી અને નવાસભ્યોની નોંધણી અંગે માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. સભામાં સર્વાનુમતે નવી કારોબારીની રચના સાથે દ્વિતીય વર્ષ B.Comના વિદ્યાર્થી જેઠવા કીર્તનની નવા પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.

અધ્યક્ષસ્થાનેથી મનીષભાઈ સંઘાણીએ 'વિના સહકાર નહીં ઉદ્ધાર'ના મંત્રને સાર્થક કરી વિદ્યાર્થીઓને કોલેજ કક્ષાએથી જ સહકારી પ્રવૃત્તિઓ સાથે જોડાવા આહ્વાન કર્યુ હતું, જયારે ભાર્ગવભાઈ ત્રિવેદીએ જિલ્લા મંડળ તરફથી તમામ સહયોગની ખાતરી આપી હતી. આ પ્રસંગે સહકાર તાલીમ વર્ગના તાલીમાર્થીઓને સર્ટિફિકેટ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. એચ.આર. દેસરાણી અને સ્ટાફ પરિવારે કર્યુ હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. અર્જુનસિંહ પરમાર, ડો. આશિષભાઈ ચૌહાણ, ડો. પુષ્પાબેન રાણીપા સહિતના તમામે ભારે જહેમત ઉઠાવી હતી.

### એડવોકેટ ઉદયન ત્રિવેદી અને હરનીલ ત્રિવેદીની દલીલો સફળ

# સમઢીયાળા સેવા સહકારી મંડળીનાં ઉચાપત કેસમાં મંત્રીનો નિર્દોષ છુટકારાનો હુકમ કાયમ

### રૂપિયા ૨,૫૩,૩૦૦ની ઉચાપત કેસને લઈને સરકારની અપીલ નામંજૂર





અમરેલી, તા. ૨૩

આ કામની ફરીયાદ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વહીવટદારએ જે તે સમયના સમઢીયાળા સેવા સહકારી મંડળીના મંત્રી તથા પ્રમુખ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવેલી હતી અને આ ફરીયાદમાં તેઓએ સમઢીયાળા સેવા સહકારી મંડળીમાંથી સભાસદોના ખોટા લોન દસ્તાવેજો બનાવી ગેરકાયદેસર રીતે ધિરાણ માટેનું ખોટુ રેકર્ડ ઉભુ કરી લોન માટેની ખોટી ફાઈલો સભાસદોના નામે તૈયાર કરી અને તેના ખાતે લોનની રકમ ઉધારી અને આ લોનની રકમ પોતાના અંગત હેતુ માટે વાપરી રૂા. ૨,૫૩,૩૦૦ની રકમની ઉચાપત કરેલ હોય. જે હકીકત વહીવટદારના ધ્યાને આવતા તેમણે ઉપરોકત રકમની ઉચાપત કરવા બદલ તથા અન્ય ગેરરીતિ આચરવા બદલ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૦૯, ૪૬૬, ૪૬૭, ૪૭૧ તથા ૧૧૪ મુજબની ફરીયાદ બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા બાબરા પોલીસે તપાસ કરેલી અને ત્યારબાદ આ કામે તપાસના અંતે આ કામના આરોપીઓ સામે ચાર્જશીટ કરવામાં આવેલ હતું.

આ કામે ફરીયાદમાં જણાવેલ સમઢીયાળા સેવા સહકારી મંડળીના મંત્રી અરજણભાઈ નાનજીભાઈ ખણેસા તથા પ્રમુખ દેવાયતભાઈ નારણભાઈ હુંબલની સામે પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૦૯, ૪૬૬, ૪૬૭, ૪૭૧ તથા ૧૧૪ મુજબની ફરીયાદ વિગતે ચાર્જશીટ કર્યા બાદ આ કામના આરોપીઓ સામે કાનુની કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

ત્યારબાદ આ અંગેનો કેસ ચાલી જતા સરકાર તરફે બેંકના વહીવટદારને તથા અન્ય સરકારી કર્મચારીઓને તથા પોલીસ ખાતાના અધિકારીઓને તપાસવામાં આવેલ હતા.

આ બાબતે ઉપરોકત કેસ બાબરાના પ્રિન્સીપલ જયુડી. મેજી. શ્રીની કોર્ટમાં ચાલી જતા ફરીયાદપક્ષ પોતાનો કેસ આ કામના આરોપી વિરૂધ્ધ સાબીત નહીં કરી શકતા આ કામના મંડળીના મંત્રી અરજણભાઈ નાનજીભાઈ ખણેસાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ હતો.

તે કેસમાં આરોપી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા.

ત્યારબાદ આરોપીના નિર્દોષ છુટકારાના ઉપરોકત હુકમને પડકારતી અપીલ સરકાર તરફથી ડીસ્ટ્રીકટ કોર્ટમાં કરવામાં આવેલ હતી અને ડીસ્ટ્રીકટ કોર્ટમાં ઉપરોકત અપીલ ચાલી જતા પ્રિન્સીપાલ અને ડીસ્ટ્રીકટ જજ આર.વી. બુખારી સાહેબે બાબરાના મેજી.એ કરેલ હુકમ કાયમ રાખી સરકારની અપીલ નામંજુર કરતા મંડળીના મંત્રી અરજણભાઈ નાનજીભાઈ ખણેસા ને રૂા. ૨,૫૩,૩૦૦ની રકમના ઉચાપતના કેસમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમને કાયમ રાખેલ હતો.

આ કેસમાં આરોપી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા યુવા એડવોકેટ હરનીલ ત્રિવેદી રોકાયેલ હતા.

### શહેરીજનોનાં સ્વાસ્થ્ય સાથે ખિલવાડ અને કૌભાંડની આશંકા

# બગસરા પાલિકાનાં ડોર–ટુ–ડોર કચરા કલેકશનનાં પ્રાઈવેટ કોન્ટ્રાકટમાં વ્યાપક અનિયમિતતા

### કલેકશનની ગાડીમાં જીપીએસ લગાવવુ જરૂરી

બગસરા, તા. ૨૩

બગસરા શહેરમાં નગરપાલિકા ધ્વારા ઘર–ઘરથી કચરો એકત્રિત કરવા માટે આપવામાં આવેલા પ્રાઈવેટ કોન્ટ્રાકટની કામગીરી અત્યંત નબળી અને બેદરકારીભરી સાબિત થઈ રહી છે. કોન્ટ્રાકટર ધ્વારા નિયમોને નેવે મુકીને મનસ્વી રીતે કામગીરી કરવામાં આવી રહી છે, જેના કારણે શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે.

મળેલ વિગતો મુજબ શહેરનાં અનેક વિસ્તારોમાં ડોર–ટુ–ડોર કચરો ઉપાડતી ગાડીઓ નિયમિતપણે આવતી જ નથી, પરિસ્થિતિ એવી છે કે, કોઈ વિસ્તારમાં ત્રણથી ચાર દિવસ તો વળી કેટલાક વિસ્તારોમાં આશરે છ–છ દિવસ સુધી કચરો લેવા માટે કોઈ જવાહન આવતું નથી.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

આ ગંભીર બેદરકારીનાં કારણે નાગરિકો ઘરનો કચરો કયાં ફેંકે તેવા વિકટ પ્રશ્નથી ઘેરાયા છે અને મજબુરીવશ ગંદકી ફેલાઈ રહી છે. આ પ્રકારે નિયમિત સેવા આપ્યા વગર જ કાગળો પર બિલ બનાવીને નાણાં ખેરવી લેવાનું આ એક મોટું કૌભાંડ હોવાની આશંકા શહેરીજનો વ્યકત કરી રહ્યા છે. કોન્ટ્રાકટર અને તંત્રની મિલીભગતથી પ્રજાના વેરાના નાણાંનો દુરૂપયોગ થઈ રહ્યો છે. પરંતુ ગ્રાઉન્ડ ઝીરો પર કોઈ જ કામગીરી દેખાતી નથી.

આ બાબતે જયારે નાગરિકો જયારે ફોન પર ફરિયાદ કરે છે. ત્યારે આજે ગાડી બગડેલ છે કે, ડ્રાઈવર નથી, કાલથી ગાડી આવી જશે જેવા બહાના રજુ કરી દિવસ પુરો કરી દેવામાં આવે છે. સ્થાનિક નાગરિકો ધ્વારા આ મામલે ઉગ્ર રોષ વ્યકત કરવામાં આવી રહ્યો છે અને જો વહેલી તકે આ કોન્ટ્રાકટર સામે કડક દંડાત્મક પગલાં ભરીને નિયમિત કચરા કલેકશનની વ્યવસ્થા સુધારવામાં નહીં આવે, તો નગરપાલિકા વિરૂધ્ધ ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. તંત્ર ધ્વારા આ મામલે તાત્કાલિક ધોરણે તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકબુલંદ માંગ ઉઠી છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## એકપણ જનપ્રતિનિધિને ''બગીચા''માં બહાર ખીલવવાની જરૂર લાગતી નથી

# લીલીયામોટામાં જનતાનાં પરસેવાનાં પૈસાથી બનેલ બગીચો વિરાન હાલતમાં

**ગ્રામ પંચાયત દ્વારા અમરેલી માર્ગ ઉપર બનાવાયેલ બગીચાનાં તાળા ખુલતા નથી**

**બિસ્માર બગીચામાં અસામાજિક પ્રવૃત્તિઓ પણ ધમધમે તો નવાઈ નહી**

**ગ્રામજનોએ બગીચાને પૂનઃ ધમધમતો કરવામાં આવે તેવી માંગ કરી**

**ગ્રામ પંચાયતનાં શાસકોએ ગ્રામજનોની વ્યાજબી માંગ સંતોષવી જરૂરી**





લીલીયા , તા. ૨૩

લીલીયા મોટામાં ગ્રામ પંચાયત દ્વારા સમગ્ર ગામના નાગરિકો માટે લાખો રૂપિયાના ખર્ચે અમરેલી રોડ પર બનાવવામાં આવેલ જાહેર બગીચો હાલમાં બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છે. બગીચાના મુખ્ય ગેટ પર તાળા મારવામાં આવ્યા છે, જેના કારણે સામાન્ય લોકો તેનો ઉપયોગ કરી શકતા નથી. પણ તાળા હોવા છતાં અસામાજિક તત્વો તેનો ગેર ઉપયોગ કરે છે તેવું સ્થાનિક સૂત્રો પાસેથી જાણવા મળેલ છે.

સૂત્રોના જણાવ્યા મુજબ કેટલાક અસામાજિક તત્વોએ બગીચાની અંદર ઘુસી વૃક્ષોને નુકસાન પહોંચાડયું છે, અનેક વૃક્ષો કાપી નાખવામાં આવ્યા છે તેમજ બેસવા માટે મૂકવામાં આવેલા બાંકડા પણ તોડી નાખવામાં આવ્યા છે. ઉપરાંત બગીચાની ફરતે કરાયેલ ફેન્સિંગનો તાર તોડી અંદર જવા માટે રસ્તો બનાવવામાં આવ્યો હોવાનું પણ જોવા મળ્યું છે.

ચિંતાજનક બાબત એ છે કે બગીચાની અંદર નશીલા પદાર્થોની ખાલી બોટલો પણ જોવા મળી રહી છે, જેના કારણે અહીં અસામાજિક પ્રવૃત્તિઓ થતી હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. જો આ સ્થિતિ યથાવત રહેશે તો વડીલો, મહિલાઓ અને બાળકો માટે આ બગીચો જોખમરૂપ સાબિત થઈ શકે તેવી લોકોમાં ચિંતા વ્યાપી છે.

આટલું મોટું નુકસાન થવા છતાં ગ્રામ પંચાયત દ્વારા હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી તેવુ લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. સિનિયર સિટીઝનો અને સ્થાનિક લોકોની માંગ છે કે બગીચાનું તાત્કાલિક સમારકામ અને નવીનીકરણ કરવામાં આવે, સુરક્ષાની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે અને બગીચો ફરીથી લીલીયા મોટાની જનતા માટે ખુલ્લો મુકવામાં આવે તેવી પણ લોક માંગણી ઉઠવા પામેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## હાથસણી : શ્રી ખોડિયાર માતાજીના સાંનિધ્યે લાપસીનો પ્રસાદ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલાના હાથસણી ગામે ગ્રામ્ય જનો દ્વારા અષાઢ માસ મા દેદુમલ નદી ને કાંઠે બિરાજીત આઈ શ્રી ખોડિયાર માતાજી ને લાપસીના પ્રસાદ નું વર્ષો થી ધાર્મિક આયોજન કરવામાં આવે છે. પરંપરાગત આજે માતાજીની લાપસીનો પ્રસાદ બનાવી ધરવામાં આવેલ. ઉપરોક્ત ધાર્મિક આયોજનમા વિશાળ સંખ્યામા લોકો ઉપસ્થિત રહી પ્રસાદ ગ્રહણ કરી ભારે ધન્યતા અનુભવેલ. તેમ દિલુભાઈ એમ.ખુમાણની યાદી દ્વારા જણાવવામાં આવેલ.

## બાબરા કોર્ટનાં સજા વોરંટનાં આરોપીની અટકાયત કરાઈ



બાબરા, તા. ૨૩

બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આર.આર. પરમારનાંસીધામાર્ગદર્શનહેઠળબાબરા પોલીસ ટીમ ધ્વારા જયુડી.મેજી.ફ.કફ બાબરા કોર્ટના ફો.કે.નં. ૭૪૪/૨૦૨૩ ધી નગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૭મુજબનાંકામેસજાવોરંટના આરોપી એભલભાઈ મેરાભાઈ ડાંગર રહે. દરેડ, તા. બાબરાને હ્યુમન તથા ટેકનિકલ સોર્સના આધારે શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીક્લેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

ખેતીની જમીન વેચવાની છે
અમરેલી તાલુકાના પીપળલગ ગામે
અમરેલી-ચાંડીયા ડબલ પટ્ટી રોડ ટચ ૧૦ વિઘા
સંપર્ક મો : ૯૮૨૫૫ ૧૭૫૪૭, ૯૮૨૫૨ ૭૫૮૭૯

સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો
માસિક ફી રૂા. ૧૨૫૦/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧






















### આંદોલન સિવાય બીજા વિષયને લઈને પણ સરકાર ચર્ચા માટે તૈયાર

# સરકાર વિદ્યાર્થીઓ સાથે વાતચીત માટે તૈયાર છે : જિતેન્દ્ર સિંહ

**અમે વિદ્યાર્થીઓને કહેવા ઈચ્છીએ છીએ કે તમે ગમે ત્યારે ચર્ચા કરવા ઈચ્છો તમારી સુવિધાનુસાર અમે ચર્ચા કરવા તૈયાર છીએ : કેન્દ્રીય મંત્રી**

નવી દિલ્હી, તા.૨૩

નીટ પેપર લીક મુદ્દા પર રોડથી લઈને સંસદ સુધી રાજનીતિ ગરમાઈ ગઈ છે. જંતર-મંતર પર સીજેપી શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ કરી રહી છે. આ વચ્ચે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યુ કે વિદ્યાર્થીઓ જ્યાં ઈચ્છશે સરકાર વાતચીત માટે તૈયાર છે. તેમણે કહ્યું કે વાતચીતથી જ સમસ્યાનું સમાધાન થશે.

જિતેન્દ્ર સિંહે કહ્યુ- સરકાર તરફથી આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓને અપીલ કરુ છું. સરકાર તરફથી અમે ચર્ચા માટે તૈયાર છીએ. સરકારના દરવાજા ખુલ્લા છે. અમે વિદ્યાર્થીઓને કહેવા ઈચ્છીએ છીએ કે તમે ગમે ત્યારે ચર્ચા કરવા ઈચ્છો તમારી સુવિધાનુસાર અમે ચર્ચા કરવા તૈયાર છીએ. આંદોલન સિવાય બીજા વિષયને લઈને પણ સરકાર ચર્ચા માટે તૈયાર રહેશે.

તેમણે કહ્યું- વિદ્યાર્થીઓ ચર્ચા માટે જેટલો સમય માંગશે અમે આપવા માટે તૈયાર છીએ. ચર્ચામાં દેશના સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડા અને તેમની સાથે હું રહીશ. ધીમે-ધીમે અમે ચર્ચા કરી સમાધાન તરફ વધી શકીએ અને સમાધાનથી નવો રસ્તો નક્કી થઈ શકે છે. જ્યાં તમે કહો... જેપી નડ્ડાના આવાસ પર કહો કે તેમની ઓફિસમાં તો ત્યાં ચર્ચા થઈ શકે છે. અમારા માટે આ પ્રતિષ્ઠાનો સવાલ નથી. વિદ્યાર્થીઓ અને તેમના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવા માટે સરકાર તરફથી ચાર વખત પ્રસ્તાવ આપવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું- પ્રધાનમંત્રી મોદી આ મામલાને લઈને ખુદ સંવેદનશીલ છે. તેમણે સવારે પોતાના નિવેદનમાં કહ્યું કે તેઓ સૌથી વધુ પ્રાથમિકતા યુવાઓના હિતને આપે છે. તેનાથી પ્રેરિત થઈને તેમણે નિર્ણય કર્યો કે જેટલા પેપરલીકના દોષી હશે તેનો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવી સજા આપવામાં આવશે.

હું ફરી વિનમ્રતા સાથે અપીલ કરું છું કે આવો બેસો ચર્ચા કરો અને આ મુદ્દા પર ઈમાનદારીથી એક માર્ગ શોધો.

આ પહેલા કોકરોચ જનતા પાર્ટીએ સ્પષ્ટ કહ્યું હતું કે અમે સરકારની સામે પોતાની માગ રાખી છે. જો તેમણે વાત કરવી છે તો તેમણે ખુદ જંતર-મંતર પર આવવું પડશે. સીજેપીના પ્રતિનિધિમંડળે કેન્દ્રીય મંત્રીના આવાસ પર વાતચીત કરવાનો ઈનકાર કર્યો.

જેપી નડ્ડાએ કહ્યુ- સીજેપી પ્રદર્શનકારીઓ સાથે સરકાર દરેક સમયે વાતચીત માટે તૈયાર છે, પરંતુ વાતચીત અમારા આવાસ પર કે મંત્રાલયમાં થઈ શકે છે. બાકી જગ્યા પર વાતચીતનું મહત્વ રહેતું નથી. કાલથી અત્યાર સુધી ચાર વખત વાતચીત માટે આમંત્રણ આપવામાં આવ્યું છે, પરંતુ તેમના તરફથી જવાબ આવ્યો નથી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સંવેદનશીલતાનો ઉલ્લેખ કરતાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, પીએમ યુવાનોના હિતોને હંમેશા પ્રાધાન્ય આપે છે. સવારે પોતાના સંબોધનમાં પણ પ્રધાનમંત્રીએ આ જ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સરકારે નિર્ણય લીધો છે કે પેપર લીકના કેસોને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવશે જેથી જલદી અને નિર્ણાયક કાર્યવાહી થઈ શકે.

### ઘરમાં જ રહો અને લોકેશન મોકલો

# વિદ્યાર્થી આંદોલન કચડવા મુંબઈ પોલીસની નવી ચાલ

**નીટ પેપર લીક મામલે દેશભરમાં વિરોધ પ્રદર્શનો વચ્ચે મુંબઈ પોલીસે કડક વલણ અપનાવ્યું છે**

મુંબઈ, તા.૨૩

નીટ પેપર લીક મામલે દેશભરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે મુંબઈ પોલીસે એક નવો કડક અભિગમ અપનાવ્યો છે. મુંબઈના શિવાજી પાર્ક, ચેમ્બૂર અને આઝાદ મેદાન જેવા વિસ્તારોમાં પ્રદર્શનો રોકવા માટે પોલીસે ડિજિટલ ટ્રેકિંગ અને ઘરે-ઘરે જઈને તપાસ કરવાની કામગીરી શરૂ કરી છે.જે પ્રદર્શનકારીઓ સામે પહેલાથી FIR નોંધાયેલી છે, તેમનો પોલીસ સીધો સંપર્ક કરી રહી છે. તેઓ પોતાના ઘરે જ હાજર છે તેની ખાતરી કરવા માટે પોલીસે તેમને વોટ્સએપ પર સતત લાઈવ લોકેશન શેર કરવા જણાવ્યું છે. આ ઉપરાંત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૩૫(૩) હેઠળ ડિજિટલ નોટિસ મોકલીને જૂના વિરોધ પ્રદર્શનો અંગે પૂછપરછ માટે તેમને થાણે હાજર થવા નિર્દેશ અપાયો છે.પોલીસની ટીમો વિદ્યાર્થી પ્રદર્શનકારીઓના ઘરે જઈને તેમના પરિવારજનોને જૂની તપાસ વિશે જાણ કરી રહી છે અને ભવિષ્યમાં પ્રદર્શનોમાં ભાગ ન લેવા સલાહ આપી રહી છે. આ સિવાય રેલવે અને મેટ્રો સ્ટેશનો પર તૈનાત પોલીસ પ્રદર્શનકારીઓની ઓળખ કરીને તેમને સભાસ્થળ તરફ જતા અટકાવી રહી છે.પોલીસના એક સિનિયર અધિકારીના જણાવ્યા મુજબ આ કાર્યવાહીનો મુખ્ય હેતુ યુવાનો સામે ગુનાહિત કેસ નોંધાતા રોકવાનો છે, જેથી ભવિષ્યમાં તેમના પાસપોર્ટ, ઉચ્ચ શિક્ષણ અને નોકરીની તકો પર કોઈ નકારાત્મક અસર ન પડે.બીજી તરફ, કાનૂની સહાય આપતા વકીલો અને જૂથોએ પોલીસના આ પગલા સામે વાંધો ઉઠાવ્યો છે. તેમનું કહેવું છે કે ઈલેક્ટ્રોનિક લોકેશન ટ્રેકિંગ અને ઘરે-ઘરે જઈને પૂછપરછ કરવી એ સામાન્ય સુરક્ષા નિયમોથી પણ આગળ વધીને વ્યક્તિગત પ્રાઈવસી અને બંધારણીય સ્વતંત્રતા પર સવાલો ઊભા કરે છે.

### વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને ટિયર ગેસ છોડાયો

# શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ સાથે બિહારમાં આંદોલન

**દરભંગામાં ૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે હિંસક પ્રદર્શન કર્યું**

પટણા, તા.૨૩

બિહારના લહેરિયાસરાય પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા લોહિયા ચોક પર ગુરુવારે કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરી રહેલા વિદ્યાર્થીઓનું આંદોલન અચાનક હિંસક બની ગયું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન ભીડમાંથી પોલીસે પર પથરાવ કરવામાં આવતા અફરા-તફરી મચી ગઈ હતી, જેમાં સિટી SP અશોક કુમાર અને ૧ કોન્સ્ટેબલ ઘાયલ થયા હતા.સ્થિતિ વણસતાં પોલીસે પ્રદર્શનકારીઓને વિખેરવા માટે લાઠીચાર્જ કર્યો હતો. તેમ છતાં ભીડ ન હટતાં સ્થિતિને કાબૂમાં લેવા માટે ૭ રાઉન્ડ ટીયર ગેસના શેલ છોડવામાં આવ્યા હતા. આ ઘટનાના ૨ કલાક પછી પણ સમગ્ર વિસ્તારમાં ભારે તણાવપૂર્ણ વાતાવરણ બનેલું છે.મળતી માહિતી મુજબ, કોઈ પૂર્વ સૂચના આપ્યા વિના ૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ દરભંગા શહેરના કરપૂરી ચોક ખાતે એકઠા થયા હતા. ત્યાંથી સરઘસ કાઢીને તેઓ કલેક્ટર કચેરી રોડ પર પહોંચ્યા અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે પ્રદર્શન કરવા લાગ્યા હતા. આ દરમિયાન ભીડમાં ભળેલા કેટલાક અસામાજિક તત્વોએ માહોલ બગાડવા માટે પથરાવ શરૂ કર્યો હોવાની શંકા છે.ઘટનાની જાણ થતાં જ કલેક્ટર કૌશલ કુમાર અને SSP જગુનાથ રેડ્ડી સહિતના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા. સ્થિતિને સામાન્ય બનાવવા માટે શહેરમાં દંગા નિયંત્રણ પુલીસ અને અનેક પોલીસ સ્ટેશનનો કાફલો તૈનાત કરાયો છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે પથરાવ કરનારાઓની ઓળખ CCTV ફૂટેજ અને વિડીયોના આધારે કરવામાં આવી રહી છે.

### સરકારની ઓફર પર કોકરોચ જનતા પાર્ટીનો જવાબ

# વાત કરવી હોય તો જંતર-મંતર આવો

**CJPના નેતા આશુતોષ રાંકાએ સ્પષ્ટ કર્યું છે કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાના ઘર કે મંત્રાલયમાં કોઈ બેઠક નહીં થાય**

નવી દિલ્હી, તા.૨૩

NEET પેપર લીક મુદ્દે વિરોધ કરી રહેલી કોકરોચ જનતા પાર્ટી (CJP) અને કેન્દ્ર સરકાર વચ્ચે વાતચીતને લઈને મડાગાંઠ યથાવત છે. એક તરફ સરકાર આ વિવાદનો ઉકેલ લાવવા ચર્ચા માટે અપીલ કરી રહી છે, તો બીજી તરફ CJPએ પોતાની શરતો મૂકીને શુક્રવારે દેશવ્યાપી પ્રદર્શનની જાહેરાત કરી છે.CJPના નેતા આશુતોષ રાંકાએ સ્પષ્ટ કર્યું છે કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાના ઘર કે મંત્રાલયમાં કોઈ બેઠક નહીં થાય. તેમણે ટ્વિટર (X) પર લખ્યું કે, કોઈ મીટિંગ નડ્ડાજીના ઘરે નહીં થાય. બેઠક કાં તો જંતર-મંતર પર અથવા કોઈ તટસ્થ સ્થળે યોજવી પડશે. આ વખતે માત્ર ઔપચારિક વાતો કે હવાબાજી નહીં ચાલે. તેમણે ઉમેર્યું કે સરકારે CJPની માંગણીઓ પર ઠોસ વાતચીત કરવી પડશે અને માંગો પૂરી કરવા માટે ચોક્કસ સમયમર્યાદા આપવી પડશે. આ પહેલાં કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે સરકારે CJP સાથે ચર્ચા કરવા માટે ૪ ઔપચારિક પ્રસ્તાવો મોકલ્યા છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે તેઓ યુવાનો સાથે વાતચીત કરવા માટે હંમેશા તૈયાર છે. મંત્રીના જણાવ્યા મુજબ, વાતચીત જે.પી. નડ્ડાના કાર્યાલય કે નિવાસસ્થાને થઈ શકે છે અને સરકાર આ મુદ્દે સ્થળને લઈને કોઈ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી રહી નથી.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાએ પણ ચર્ચા માટે તત્પરતા દર્શાવતા કહ્યું કે, હા, અમે તૈયાર છીએ. અમારા નિવાસસ્થાને કે અધિકૃત કાર્યાલયે આવો. જોકે, બંને પક્ષો પોતપોતાના વલણ પર અડગ હોવાથી વાતચીતનો મામલો ગૂંચવાયેલો રહ્યો છે.

### ૧ લાખ પગારમાં ૧૫૦ કરોડની સંપત્તિ બનાવી

# એન્જિનિયરના ઘરે પડ્યો દરોડો, ખજાનો જોઈને અધિકારીઓ પણ ચોંક્યા

**એન્જિનિયરના ઘરેથી ૧૦ એપાર્ટમેન્ટના દસ્તાવેજો, પ્રાઈમ પ્રોપર્ટીના દસ્તાવજો, ૨ કિલો સોનું, લક્ઝરી ગાડીઓ મળી આવી**

હૈદરાબાદ, તા.૨૩

તેલંગાણામાં એક સરકારી એન્જિનિયરના ઘરે એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ દરોડો પાડ્યો હતો. આ દરમિયાન તેના ઘરેથી જે ખજાનો મળી આવ્યો, તે જોઈને અધિકારીઓની પણ આંખો પહોંળી થઈ ગઈ હતી.

એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારીઓએ તપાસ કરી તો સરકારી એન્જિનિયર ૧૫૦ કરોડથી વધારેની સંપત્તિનો માલિક નીકળ્યો. એન્જિનિયરના ઘરેથી ૧૦ એપાર્ટમેન્ટના દસ્તાવેજો, પ્રાઈમ પ્રોપર્ટીના દસ્તાવજો, ૨ કિલો સોનું, લક્ઝરી ગાડીઓ અને કિંમતી વિદેશી દારૂની બોટલોનો ખજાનો મળી આવ્યો હતો. તપાસ બાદ છઝ્રમ્એ પુષ્ટી કરી છે કે સરકારી એન્જિનિયરની પાસે ૧૫૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ મળી છે.

ACBના અધિકારીઓને જાણવા મળ્યું કે, એન્જિનિયરે પત્નીના નામે ૪ કન્સ્ટ્રક્શન કંપનીઓ બનાવી હતી. આ કંપનીઓ દ્વારા રિયલ એસ્ટેટ સેક્ટરમાં મોટું રોકાણ કર્યું હતું. તપાસમાં સામે આવ્યું છે કે, એન્જિનિયરે અંજનેય નગર, મૂસાપેટમાં ૧૦ અપાર્ટમેન્ટ બનાવ્યા છે. આમાં આશરે ૨૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે.

અચલ સંપત્તિ ઉપરાંત ACBને ૫૨.૦૨ લાખ રૂપિયાનું બેંક બેલેન્સ, ૪ કરોડ રૂપિયાની કિંમતના ૨.૦૯૪ કિલો સોનાના આભૂષણો, ત્રણ લક્ઝરી કાર (કિઆ, મહિન્દ્રા અને મારુતિ બેલેનો), ૩૦ લાખના ઘરેલુ સામાન અને ૨.૫ લાખની ૨૦ વિદેશી દારૂની બોટલ્સ પણ મળી આવી છે. ACBએ અત્યાર સુધી જપ્ત કરેલી સંપત્તિની અધિકૃત કિંમત ૨૭.૬૫ કરોડ રૂપિયા આંકી છે. જોકે, અધિકારીઓનું કહેવું છે કે, અન્ય સંપત્તિઓ અને રોકાણની તપાસ ચાલું છે. રિયલ એસ્ટેટ જાણકારોનું અનુમાન છે કે, વર્તમાન માર્કેટ વેલ્યૂના આધારે આ સંપત્તિઓની કુલ કિંમત લગભગ ૧૦૦થી ૧૫૦ કરોડ રૂપિયા હોઈ શકે છે.રસપ્રદ બાબત એ છે કે, ACBને એવું પણ જાણવા મળ્યું કે એન્જિનિયર પહેલા ૧૨ ડિસેમ્બર ૨૦૧૯માં એક ટ્રેપમાં પકડાઈ ચૂક્યો છે.

તે સમયે તે સાયબર સિટી સર્કલ, હૈદરાબાદમાં સુપરિટેન્ડેડ એન્જિનયર કાર્યલયમાં ડિવિજનલ એન્જિનિયરની પોસ્ટ પર હતો. તે સમયે તેના પર ૨૫૦૦૦ રૂપિયાની લાંચ લેવાનો આરોપ લાગ્યો હતો.આ મામલે કરવામાં આવેલી તપાસ દરમિયાન અધિકારીઓએ ૨૬.૫૨ લાખ રૂપિયા રોકડા અને ૨૨.૬૦ લાખ રૂપિયાના સોનાના દાગીના જપ્ત કર્યા હતા. છઝ્રમ્ અત્યારે આરોપીના ટ્રાન્ઝેક્શન, બેનામી સંપત્તિ અને અન્ય સહયોગીઓની તપાસ કરી રહી છે. એન્જિનિયરને સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. આ કેસમાં આગળની તપાસ ચાલુ છે.

### વીડિયો વાયરલ થતા કરાઈ કાર્યવાહી

# "કેસ ઠોકી દઈશું!" આંદોલન કરી રહેલા વિદ્યાર્થીને મુંબઈ પોલીસના જવાનની ધમકી

**વિરોધ પ્રદર્શન કરતા વિદ્યાર્થીઓને નકલી ડ્રગ્સ કેસમાં ફસાવવાની ધમકી આપનાર પોલીસ ડ્રાઈવર પવન સાંગલેને પોસ્ટિંગ પરથી હટાવી દેવાયો**

મુંબઈ, તા.૨૩

મુંબઈમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને નકલી ડ્રગ્સ કેસમાં ફસાવવાની ધમકી આપવાનો વિડીયો વાયરલ થયા બાદ મુંબઈ પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે આ મામલાને ગંભીરતાથી લઈને તપાસના આદેશ આપ્યા છે. તપાસ પૂરી ન થાય ત્યાં સુધી વિડીયોમાં દેખાતા પોલીસ ડ્રાઈવરને તેની હાલની પોસ્ટિંગ પરથી હટાવી દેવામાં આવ્યો છે. આ વિડીયો મુંબઈ કોંગ્રેસના ઓફિશિયલ એક્સ હેન્ડલ પરથી શેર કરવામાં આવ્યો હતો, જે બાદ આ મુદ્દો ભારે ચર્ચામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી કૉકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતૃત્વમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને નાગરિકો શિવાજી પાર્ક, ચેમ્બૂર અને આઝાદ મેદાન સહિત મુંબઈના વિવિધ વિસ્તારોમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. મુંબઈ પોલીસના DCP અકબર પઠાણે જણાવ્યું કે મુંબઈ કોંગ્રેસ દ્વારા ટ્વીટ કરવામાં આવેલા વાયરલ વિડીયો અંગે પોલીસે તપાસના આદેશ આપી દીધા છે અને તથ્યોની ચકાસણી કર્યા પછી આગળના પગલાં લેવામાં આવશે. વાયરલ વિડીયોમાં ધમકી આપનાર પોલીસકર્મી સાયન પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ પવન સાંગલે છે, જે મોટર વ્હીકલ ડિપાર્ટમેન્ટ સાથે જોડાયેલો છે.વાયરલ વિડીયોમાં કેટલાક વિદ્યાર્થીઓ પોલીસ વાહનની અંદર બેઠેલા જોવા મળે છે. આ દરમિયાન આગળની સીટ પર બેઠેલો પોલીસકર્મી તેમને ફરીથી પ્રદર્શનમાં સામેલ ન થવાની ચેતવણી આપે છે. તે કહે છે કે તમારા બેગમાં ૫૦-૫૦ ગ્રામ પાવડર નાખી દઈશ, પછી આખી જિંદગી ખતમ થઈ જશે. આ સાથે જ તેણે એવું પણ કહ્યું કે આ પ્રદર્શનોના કારણે તેની પોતાની જિંદગી પણ મુશ્કેલ બની ગઈ છે.વિડીયો સામે આવ્યા બાદ મુંબઈ પોલીસે આખી ઘટનાની સત્યતા તપાસવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. તપાસ પૂર્ણ થયા બાદ મળેલા તથ્યોના આધારે સંબંધિત પોલીસ ડ્રાઈવર સામે આગળની ખાતાકીય કાર્યવાહી કરવામાં આવશે.

### વડાપ્રધાન મોદીની જાહેરાત બાદ પણ વિપક્ષ મક્કમ

# ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સિવાય કંઇ ચલાવી નહીં લેવાય

**રાહુલ ગાંધીએ PM પર શિક્ષણ વ્યવસ્થા બરબાદ કરવાનો આરોપ લગાવ્યો : પ્રિયંકા ગાંધીએ લાઠીચાર્જની નિંદા કરી**

નવી દિલ્હી, તા.૨૩

દેશભરમાં પેપર લીક, શિક્ષણ વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર અને રોજગારીના મુદ્દે રોડથી લઈને સંસદ સુધી સંગ્રામ છેડાઈ ગયો છે. આ તમામ વિરોધ પ્રદર્શનો વચ્ચે પીએમ મોદીએ પેપર લીકમાં સંકળાયેલા દોષિતોને વહેલામાં વહેલી તકે કડકમાં કડક સજા અપાવવાનું વચન આપ્યું છે. સોશિયલ મીડિયા પર માહિતી આપતાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે યુવાનોના ભવિષ્ય સાથે રમત રમનારા કોઈ પણ વ્યક્તિને બક્ષવામાં આવશે નહીં અને આવા કેસોના ઝડપી નિકાલ માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટ્સની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, પીએમ મોદીના આ નિર્ણય બાદ પણ પ્રદર્શનકારીઓ અને વિરોધ પક્ષો પોતાની માગણીઓ પર અડગ રહ્યા છે.
વિદ્યાર્થી આંદોલનની આગેવાની કરી રહેલી કોકરોચ જનતા પાર્ટી(CJP) અને તેના સંસ્થાપક અભિજિત દીપકેએ આ નિર્ણય બાદ પણ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ દોહરાવી છે.

બીજી તરફ, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પીએમ મોદી પર સીધો હુમલો કરતાં આરોપ લગાવ્યો હતો કે દેશની શિક્ષણ વ્યવસ્થાને બરબાદ કરવા અને યુવાનોના ભવિષ્યને નુકસાન પહોંચાડવા માટે પીએમ પોતે જવાબદાર છે. તેમણે શિક્ષણ મંત્રીને પદ પરથી હટાવવા, પીએમ વિદ્યાર્થીઓની માફી માંગે અને હિંસા કરનારાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માગણીઓ ફરી રજૂ કરી હતી. આ સાથે જ કોંગ્રેસ નેતા જયરામ રમેશે પીએમ પર સંસદમાં ચર્ચાથી ભાગવાનો આરોપ લગાવ્યો હતો.

સમાજવાદી પાર્ટીના સાંસદ રામગોપાલ યાદવે સવાલ ઉઠાવ્યો હતો કે ભાજપના શાસનમાં કેટલા પેપર લીક થયા અને કેટલા લોકો સામે કાર્યવાહી થઈ? તેમણે નિર્દોષ વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરનારાઓ સામે પણ વિરોધ નોંધાવ્યો હતો. આ સિવાય કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે દેશના હજારો વિદ્યાર્થીઓ દિલ્હીના જંતર-મંતર અને ઈન્ડિયા ગેટ પર વિરોધ કરી રહ્યા છે અને તેમનો સિસ્ટમ પરથી ભરોસો ઊઠી ગયો છે.

જો સરકાર ખરેખર વિદ્યાર્થીઓની ચિંતા કરતી હોય તો તેમના પર લાઠીચાર્જ અને ટીયર ગેસ શા માટે છોડવામાં આવ્યા? સરકારે આ ડર છોડીને વિદ્યાર્થીઓ સાથે વાત કરવી જોઈએ અને તેના પ્રથમ પગલા રૂપે શિક્ષણ મંત્રીનું રાજીનામું લેવું જોઈએ.

### દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં સૌથી વધુ તારાજી સર્જાઈ

# અમદાવાદ શહેરના તમામ ઝોનમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી

**સવારે ૧૦થી ૧૧ વાગ્યાના એક જ કલાકમાં શહેરમાં સરેરાશ ૩૭.૨૧ મીમી (દોઢ ઈંચ) વરસાદ ખાબક્યો**

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ: શહેરમાં આજે ૨૩મી જુલાઈને ગુરુવારે સવારથી જ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી મારતા કહેરના દ્રશ્યો સામે આવી રહ્યા છે. ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની તથા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે. ઘણા વિસ્તારોમાં તો ઘરોમાં પાણી ભરાઈ જતા સ્થાનિક લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે, ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના મેઈન કંટ્રોલ રૂમ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા આંકડા અનુસાર, આજે તારીખ ૨૩ જુલાઈ ૨૦૨૬ના રોજ સવારે ૬:૦૦ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી ૮ કલાક દરમિયાન સમગ્ર શહેરમાં સરેરાશ ૮૮.૦૬ મિલીમીટર (આશરે ૩.૫ ઈંચ) ભારે વરસાદ નોંધાયો છે. સવારે ૧૦થી ૧૧ વાગ્યાના એક જ કલાકમાં શહેરમાં સરેરાશ ૩૭.૨૧ મીમી (દોઢ ઈંચ) વરસાદ ખાબક્યો હતો. આ સાથે જ શહેરમાં ચાલુ મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૯૯.૫૫ મીમી (૭.૮૬ ઈંચ) પર પહોંચી ગયો છે.અમદાવાદ શહેરના તમામ ઝોનમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી છે, જેમાં દક્ષિણ-પશ્ચિમ (South West) ઝોનમાં સૌથી વધુ તારાજી સર્જાઈ છે. સાઉથ વેસ્ટ ઝોનમાં ૮ કલાકમાં સરેરાશ ૧૮૫.૧૪ મીમી (૭ ઈંચથી વધુ) વરસાદ નોંધાયો છે. આ ઝોનમાં આવેલા બોપલ વિસ્તારમાં બપોરે ૨ વાગ્યા સુધીમાં સૌથી વધુ ૨૧૮ મીમી (આશરે ૮.૫ ઈંચ) વરસાદ ખાબક્યો છે. આ સિવાય સરખેજમાં ૧૯૬ મીમી (૭.૭ ઈંચ), સરખેજ અર્બન હેલ્થમાં ૧૯૨.૫૦ મીમી, જોધપુર ઝોનલમાં ૧૮૭ મીમી, જોધપુરમાં ૧૮૨ મીમી અને મક્તમપુરામાં ૧૭૮.૫૦ મીમી વરસાદ નોંધાતાં પશ્ચિમ અમદાવાદના માર્ગો નદીઓમાં ફેરવાઈ ગયા હતા. નોર્થ વેસ્ટ (ઉત્તર-પશ્ચિમ) ઝોનમાં પણ પરિસ્થિતિ ગંભીર બની છે, જ્યાં ૮ કલાક દરમિયાન સરેરાશ ૧૩૬.૦૭ મીમી (૫.૩ ઈંચ) વરસાદ નોંધાયો છે. આ ઝોનમાં આવેલા બોડકદેવ વિસ્તારમાં ૧૭૫.૫૦ મીમી (૭ ઈંચ) અને થલતેજમાં ૧૬૩.૫૦ મીમી (૬.૪ ઈંચ) વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત સાયન્સ સિટીમાં ૧૬૦.૫૦ મીમી, મેમનગરમાં ૧૫૧.૫૦ મીમી, ચાંદલોડિયામાં ૧૦૮.૫૦ મીમી અને ગોતામાં ૯૯ મીમી વરસાદ નોંધાતાં પોશ વિસ્તારો સહિત સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા હતા.પશ્ચિમ (ઊજં) ઝોનમાં પણ ૮ કલાકમાં સરેરાશ ૯૯.૭૯ મીમી (૪ ઈંચ) વરસાદ થયો છે. વાસણા વિસ્તારમાં ૧૪૯.૫૦ મીમી (૬ ઈંચ), નવરંગપુરામાં ૧૧૯.૫૦ મીમી (૪.૭ ઈંચ), ટાગોર કંટ્રોલ વિસ્તારમાં ૧૧૩.૫૦ મીમી, ઉસ્માનપુરામાં ૧૦૪ મીમી, રાણિપમાં ૯૪.૫૦ મીમી અને મોટેરામાં ૬૫ મીમી વરસાદ નોંધાયો છે. સેન્ટ્રલ (મધ્ય) ઝોનમાં મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી ખાતે ૧૦૩ મીમી અને દૂધેશ્વરમાં ૯૩.૫૦ મીમી સાથે ઝોનનો સરેરાશ વરસાદ ૮૪.૬૩ મીમી નોંધાયો છે.પૂર્વ અને દક્ષિણ અમદાવાદમાં પણ બપોરના સમયે વરસાદનું જોર વધ્યું હતું. સાઉથ (દક્ષિણ) ઝોનમાં સરેરાશ ૭૨.૭૫ મીમી વરસાદ નોંધાયો છે, જેમાં લાંભામાં ૯૩.૫૦ મીમી, વટવામાં ૭૪ મીમી અને મણિનગરમાં ૭૩ મીમી વરસાદ ખાબક્યો છે. ઈસ્ટ (પૂર્વ) ઝોનમાં રામોલમાં ૫૦.૫૦ મીમી અને ચાકુડિયામાં ૪૨ મીમી સાથે સરેરાશ ૨૫.૩૧ મીમી વરસાદ નોંધાયો છે. જ્યારે નોર્થ (ઉત્તર) ઝોનમાં મેમ્કોમાં ૩૦ મીમી અને નરોડામાં ૧૧.૫૦ મીમી સાથે સરેરાશ ૧૨.૭૦ મીમી વરસાદ નોંધાયો છે.શહેરમાં ઉપરવાસમાંથી થઈ રહેલી પાણીની આવક અને સતત થઈ રહેલા વરસાદને પગલે સાબરમતી નદી પર આવેલા વાસણા બેરેજની સપાટી ૧૨૫ ફૂટ (૩૮.૧૧૦ મીટર)એ પહોંચી છે. ઉપરવાસમાંથી થઈ રહેલી વિપુલ પ્રમાણમાં પાણીની આવક અને શહેરમાં સતત વરસી રહેલા વરસાદને પગલે સાબરમતી નદી પર આવેલા વાસણા બેરેજના ૨૦ દરવાજા ખોલી દેવામાં આવ્યા છે અને બેરેજમાંથી નદીના હેઠવાસમાં ૬,૯૩૧ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.૮ કલાકના સતત વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો જેવા કે એસ.જી. હાઈવે, આશ્રમ રોડ, ૧૩૨ ફીટ રિંગ રોડ તેમજ પશ્ચિમ અમદાવાદના અંડરપાસ અને નીચાણવાળા વિસ્તારોમાં ભારે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. અનેક વાહનો પાણીમાં બંધ પડી ગયા હતા. એએમસીની વોટર ઓપરેશન ટીમ અને કંટ્રોલ રૂમ દ્વારા તમામ પમ્પિંગ સ્ટેશનો પૂર્ણ ક્ષમતાથી ચલાવીને પાણી ઉલેચવાની કામગીરી પુરજોશમાં ચલાવવામાં આવી રહી છે.

### CJPએ ફૂંક્યું આંદોલનનું રણશિંગુ

# જંતર-મંતર બાદ હવે દેશભરમાં પ્રદર્શન કરવા CJPની જાહેરાત

**પાર્ટી તરફથી કહેવામાં આવ્યું છે કે, આ પ્રદર્શન દેશના તમામ રાજ્યો અને તેમના જિલ્લાઓમાં થશે**

નવી દિલ્હી, તા.૨૩

અભિજીત દીપકેની કોકરોચ જનતા પાર્ટી (CJP)એ ગુરુવારે જંતર-મંતર પર થઈ રહેલા વિદ્યાર્થી આંદોલનને એક ડગલું આગળ વધારવાની જાહેરાત કરી છે. CJPએ શુક્રવારે દેશભરના તમામ જિલ્લાઓમાં આંદોલન કરવા માટે વિદ્યાર્થીઓને અપીલ કરી છે. કોકરોચ જનતા પાર્ટીના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર શેર કરવામાં આવેલા પોસ્ટરમાં દેશભરમાં ૨૪ જુલાઈએ વિદ્યાર્થીઓને શાંતિપૂર્ણ પ્રદર્શન કરવા માટે કહેવામાં આવ્યું છે. ગયા મહિનાથી દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન ચાલુ છે.

આ માટે CJPએ પાંચ મુદ્દા બતાવ્યા છે. સૌથી પહેલાં વહીવટીતંત્ર પાસેથી પરવાનગી લેવા માટે કહેવામાં આવ્યું છે. સ્થાનિક પોલીસને લેખિતમાં પ્રદર્શન માટે અરજી કરો. કહેવામાં આવ્યું છે કે, મંજૂરી પત્ર (અપ્રૂવલ લેટર) પોતાની પાસે રાખો, નંબર અને સમય વગેરે કન્ફર્મ કરો. માર્ચ માટે ઝડપથી કાનૂની સલાહ લેવા અંગે વિચાર કરો. આ સિવાય પોસ્ટર અને ક્રિએટિવ ડિઝાઈન કરવા માટે કહેવાયું છે. સાથે જ સોશિયલ મીડિયા પર અપીલ કરો જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાઈ શકે. પોસ્ટર્સ અને બેનર્સ પ્રિન્ટ કરવા માટે કહેવામાં આવ્યું છે અને ત્યારબાદ શાંતિપૂર્ણ રીતે માર્ચ કરવા વિશે વાત કરવામાં આવી છે. આ પહેલાં CJPએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની પોતાની માંગને ફરીથી દોહરાવતા કહ્યું કે, પ્રશ્નપત્ર લીકના કેસોમાં કાર્યવાહી અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરાતમાં જવાબદેહીના મુદ્દે કોઈ વાત કરવામાં આવી નથી. મોદીએ સવારે 'X' પર એક પોસ્ટમાં પ્રશ્નપત્ર લીકમાં સામેલ લોકોને વહેલી તકે કડકમાં કડક સજા અપાવવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવાની જાહેરાત કરી અને કહ્યું કે, "આપણા યુવાનોના કલ્યાણ અને ભવિષ્યથી વિશેષ કંઈ પણ મહત્વપૂર્ણ નથી."

પીએમ મોદીએ પોસ્ટમાં કહ્યું કે, "આપણા યુવાનોના કલ્યાણ અને ભવિષ્યથી વિશેષ કંઈ પણ મહત્વપૂર્ણ નથી. આપણા યુવાનોના ભવિષ્ય સાથે રમત કરનારાઓને છોડવામાં આવશે નહીં." નેશનલ એલિજિબિલિટી કમ એન્ટરન્સ ટેસ્ટ (NEET) પ્રશ્નપત્ર લીકને લઈને યુવાનોના સતત ચાલુ વિરોધ પ્રદર્શનો વચ્ચે વડાપ્રધાને એ પણ કહ્યું કે, પ્રશ્નપત્ર લીકના કેસોમાં સામેલ લોકોને વહેલી તકે કઠોર સજા આપવા માટે સરકારે ફાસ્ટ ટ્રેક કોર્ટો સ્થાપવાનો નિર્ણય લીધો છે.

### અમેરિકાના ઈરાન પર તબાહી મચાવતા હુમલા

# મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધ : હુથીઓએ સાઉદીના ૨ ઓઈલ ટેન્કર સળગાવ્યા

## સાઉદી અરેબિયાના અલ-શુકૈકથી આશરે ૭૦ નોટિકલ માઈલ દૂર 'એન્સેલિયા' ટેન્કર પર મિસાઈલ પડતા જ ભયાનક આગ લાગી ગઈ હતી

વોશિંગ્ટન, તા.૨૩

મિડલ ઈસ્ટમાં સ્થિતિ દિવસેને દિવસે વધુ ગંભીર અને ભયાનક બની રહી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધના ૧૨મા દિવસે યુએસ સેનાએ ઈરાનના વિવિધ વિસ્તારો પર પ્રચંડ હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે. બીજી તરફ, યમનના ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ રેડ સીમાં સાઉદી અરેબિયાના ઓઈલ ટેન્કરો પર મિસાઈલ હુમલા કર્યા છે. આ સાથે જ આ સંઘર્ષ હવે સમગ્ર પશ્ચિમ એશિયા અને વૈશ્વિક ઊર્જા માર્ગો પર ફેલાઈ ગયો છે.અમેરિકન સેનાએ બુધવારે સતત ૧૨મી રાત્રે ઈરાન પર ભીષણ હવાઈ અને મિસાઈલ હુમલા કર્યા છે. દક્ષિણ ઈરાનના સિરિક ક્ષેત્રમાં ભયાનક વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા. યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાનના એરક્રાફ્ટ હેંગર્સ, ડ્રોન સ્ટોરેજ સાઈટ્સ, મિલિટરી ઓપરેશન સેન્ટર્સ અને મરીન લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવાયા છે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં કોમર્શિયલ જહાજો અને નાવિકો માટે ઈરાન તરફથી ઊભા થતા ખતરાને નાબૂદ કરવા અમેરિકાએ આ મિશન આગળ પણ ચાલુ રાખવાની જાહેરાત કરી છે.યુદ્ધના ૧૨મા દિવસે યુએસ સેનાએ ઈરાનના ખુઝેસ્તાન પ્રાંત અને ઈરાક વચ્ચે આવેલા મહત્ત્વના 'શલામચેહ બોર્ડર ક્રોસિંગ'ના પેસેન્જર ટર્મિનલ નજીક મિસાઈલ હુમલો કર્યો હતો. આ હુમલામાં ૨ લોકોના મોત થયા છે અને ૧૧ લોકો ગંભીર રીતે ઘવાયા છે. આ સિવાય અહવાઝ, રામશીર અને અંદીમેશ્ક શહેરો નજીક પણ બોમ્બમારો કરાયો હતો.અમેરિકન પ્રમુખે ઈરાનને ખુલ્લી ચેતવણી આપતાં જણાવ્યું છે કે, 'હાલમાં ઈરાન સાથે કોઈ પણ પ્રકારની વાટાઘાટોમાં અમને રસ નથી અને જો ઈરાન હોર્મુઝમાં જહાજોને નિશાન બનાવશે તો અમેરિકા બદલામાં ઈરાનનો એક મોટો બ્રિજ અથવા પાવર પ્લાન્ટ તબાહ કરી દેશે.' તેમણે ઈરાનના યુરેનિયમ સંવર્ધન કેન્દ્રો નજીકના વિસ્તારો પર પણ હુમલાના સંકેત આપ્યા છે. બીજી તરફ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સ્પષ્ટ કર્યું છે કે તેમનો દેશ હવે 'આંખના બદલે આંખ'ની આક્રમક નીતિ અપનાવશે.હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે રેડ સી નવો અખાડો બની ગયો છે. યમનના હુથી બળવાખોરોએ સાઉદી અરેબિયા સામે ઘોષિત કરેલી નૌકાદળ નાકાબંધીનો ભંગ કરવા બદલ સાઉદીના બે ઓઈલ ટેન્કરો— 'એન્સેલિયા' અને 'લૈલા' પર બેલિસ્ટિક અને ક્રૂઝ મિસાઈલો વડે હુમલો કરવાનો દાવો કર્યો છે.સાઉદી અરેબિયાના અલ-શુકૈકથી આશરે ૭૦ નોટિકલ માઈલ દૂર 'એન્સેલિયા' ટેન્કર પર મિસાઈલ પડતા જ ભયાનક આગ લાગી ગઈ હતી, જેના વાઈરલ વીડિયો પણ સામે આવ્યા છે. જહાજે વીએચએફ મારફતે ડિસ્ટ્રેસ સિગ્નલ મોકલીને મદદ માંગી હતી. હુથી બળવાખોરોની આ ધમકી અને હુમલા બાદ પાંચથી વધુ ઓઈલ ટેન્કરોએ રેડ સીમાં પોતાનો રસ્તો બદલીને સ્વેજ કેનાલ તરફ ફંટાવું પડ્યું છે.વિશ્વના કુલ ઓઈલ અને ગેસ નિકાસનો પાંચમો ભાગ જ્યાંથી પસાર થાય છે તેવા હોર્મુઝ સ્ટ્રેટ અને રેડ સી બંને રૂટ પર હિંસા ભડકી ઉઠતાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. અમેરિકન સંરક્ષણ મંત્રીના જણાવ્યા અનુસાર, અમેરિકા આ યુદ્ધ પર અત્યાર સુધીમાં આશરે ૩૭.૫ અબજ ડોલરનો જંગી ખર્ચ કરી ચૂક્યું છે. કોઈપણ કૂટનીતિક સમાધાન ન દેખાતાં અને બંને પક્ષો પોતાની માગણીઓ પર અડગ રહેતાં આ યુદ્ધ વૈશ્વિક ક્ષેત્રે મોટું આર્થિક સંકટ સર્જી રહ્યું છે.

### 'ફાસ્ટ ટ્રેક કોર્ટ' ની રચના કરવાનો મહત્વનો નિર્ણય

# 'યુવાનોના ભવિષ્ય સાથે રમત કરનારને છોડાશે નહીં' : મોદી

## દેશના યુવાનોનું હિત અને તેમનું ભવિષ્ય સરકાર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવી દિલ્હી, તા.૨૩

NEET પેપર લીક થયા બાદ ઉગ્ર દેખાવો કરનારા કોકરોચ જનતા પાર્ટી અને વિપક્ષ હજુ આક્રમક વલણ અપનાવતા જઈ રહ્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને પેપર લીકની ઘટનાઓ સામે સરકારના આકરા વલણની જાહેરાત કરી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે દેશના યુવાનોનું હિત અને તેમનું ભવિષ્ય સરકાર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે. યુવાનોના ભવિષ્ય સાથે ખિલવાડ કરનારા કોઈપણ દોષિતને બક્ષવામાં આવશે નહીં.પેપર લીકના તમામ કેસોના ઝડપી નિકાલ અને દોષિતોને વહેલામાં વહેલી તકે કઠોરમાં કઠોર સજા સુનિશ્ચિત કરવા માટે સરકારે 'ફાસ્ટ ટ્રેક કોર્ટ' ની રચના કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. આ સંદર્ભે સંબંધિત વિભાગો અને અધિકારીઓને જરૂરી તમામ કાર્યવાહી ત્વરિત ધોરણે હાથ ધરવા માટે આદેશ આપી દેવામાં આવ્યા છે.વડાપ્રધાને ઉમેર્યું હતું કે, વિદ્યાર્થીઓના હિતોને સુરક્ષિત કરવા માટે સરકાર દ્વારા સતત લેવામાં આવી રહેલા નિર્ણયોની શ્રેણીમાં આ એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સખત પગલું છે, જેનાથી ભવિષ્યમાં આવી ગડબડો અટકાવી શકાશે.

### પાકિસ્તાનની મૂળના શબાના મહમૂદ ગૃહ મંત્રી તરીકે યથાવત

# બ્રિટનના PM બર્નહેમેની કેબિનટમાં ભારતીય મૂળના બે મંત્રીઓનો સમાવેશ

## વર્ષ ૨૦૨૫માં કીર સ્ટાર્મરની સરકારે તેમને એઆઈ અને ઓનલાઈન સુરક્ષા મંત્રી બનાવ્યા હતા

લંડન, તા.૨૩

બ્રિટનના નવા વડાપ્રધાન એન્ડી બર્નહેમે સોમવારે પદ સંભાળતા જ પોતાની નવી કેબિનેટની રચના કરી છે. મીડિયા અહેવાલ અનુસાર, બર્નહેમે પોતાની નવી કેબિનેટમાં કનિષ્ક નારાયણ અને લીઝા નંદી સહિતના કેટલાક જૂના મંત્રીઓને યથાવત રાખ્યા છે. કનિષ્ક નારાયણને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) મંત્રી બનાવવામાં આવ્યા છે, જ્યારે લીઝા નંદીને સંસ્કૃતિ મંત્રીના પદ પર જાળવી રાખવામાં આવ્યા છે. કનિષ્કનો જન્મ બિહારના મુઝફ્ફરપુરમાં થયો હતો અને ૧૨ વર્ષની ઉંમરે તેઓ પોતાના પરિવાર સાથે બ્રિટનના કાર્ડિફ ગયા હતા.રાજકારણમાં આવતા પહેલા તેમણે ટેકનોલોજી અને નાણાકીય ક્ષેત્રે કામ કર્યું હતું, જેમાં એઆઈ, ફિનટેક અને આબોહવા સંબંધિત વ્યવસાયોનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૫માં કીર સ્ટાર્મરની સરકારે તેમને એઆઈ અને ઓનલાઈન સુરક્ષા મંત્રી બનાવ્યા હતા.ભારતીય મૂળના લીઝા નંદીને એન્ડી બર્નહેમે પોતાની નવી કેબિનેટમાં સંસ્કૃતિ મંત્રીના પદ પર રાખ્યા છે. લીઝાનો જન્મ માન્ચેસ્ટરમાં થયો હતો. તેમના પિતા દીપક નંદી કોલકાતાના રહેવાસી હતા, જ્યારે તેમની માતા લુઈસ બાયર્સ બ્રિટનના વતની છે. કેબિનેટમાં અન્ય મંત્રીઓમાં - પાકિસ્તાની મૂળના શબાના મહમૂદ હોમ સેક્રેટરી (ગૃહ મંત્રી) તરીકેની પોતાની ભૂમિકા જાળવી રાખી છે. જોનાથન રેનોલ્ડ્સ વ્યાપાર, નવીનતા, વિજ્ઞાન અને વેપાર વિભાગમાં વાણિજ્ય મંત્રી તરીકે ફરી કાર્યભાર સંભાળશે. બર્નહેમે સ્ટાર્મર સરકારના કેટલાક વરિષ્ઠ મંત્રીઓને સરકારમાંથી હટાવી દીધા છે, જેમાં ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન ડેવિડ લેમી, ભૂતપૂર્વ વ્યાપાર સચિવ પીટર કાઈલ અને સ્ટાર્મરના ચીફ સેક્રેટરી ડાર્લન જોન્સનો સમાવેશ થાય છે.

### રાજસ્થાનની મંડોર જેલના પ્રાંગણમાં શરણાઇ ગુંજી ઉઠી

# જન્મટીપના પુરુષ અને મહિલા કેદી વર વધૂ બન્યા : જેલમાં જ લગ્ન !

## બે પુખ્ત વયના લોકોનો લગ્ન કરવાનો અધિકાર વ્યક્તિગત સ્વતંત્રતાનો અભિન્ન ભાગ છેઃ કોર્ટ

જોધપુર, તા.૨૩

રાજસ્થાન હાઈકોર્ટે બે પુખ્ત વયના લોકોનો સંમતિથી લગ્ન કરવાનો અધિકાર જીવનના મૂળભૂત અધિકારનો અભિન્ન ભાગ હોવાનો ચુકાદો આપ્યા બાદ જોધપુર જેલમાં શરણાઈ વાગી હતી. ઉમરકેદના પુરુષ અને મહિલા કેદીએ વર વધુના પોશાકમાં વરમાળા પહેરાવી અને સાત ફેરા લીધા હતાં.નાગોર જિલ્લાના રહેવાસી ૩૩ વર્ષિય મૂળરામ ભાટી અને ૩૧ વર્ષિય સીમા ઘડસેએ મંડોર જેલના પ્રાંગણમાં જેલ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ અને પરિવારના મહેમાનોની હાજરીમાં લગ્ન ગ્રંથીથી જોડાયા હતાં. જેલ અધિકારીઓ અને ઉપસ્થિતોએ નવયુગલને આર્શિવાદ આપ્યા હતા અને આ અવસરે મીઠાઈ ખવડાવીને મો મીઠુ કરાવાયું હતું.રાજસ્થાનની હાઈકોર્ટની ડિવિઝન બેંચના ન્યાયાધીશ પી.એસ.ભાટી અને જસ્ટીસ પ્રવીર ભટનાગરના મહત્વના આદેશ બાદ આ લગ્ન સંપન્ન થયા હતાં.લગ્ન માટે થોડો સમય સજાને રોકવા માટેની મુળરામની અરજીને મંજૂરી આપતા અદાલતે કહ્યું હતું કે કેદી સજા કાપી રહ્યો હોવાથી તેને લગ્નના અધિકારથી વંચીત રાખી શકાય નહિ.હાઈકોર્ટે અવલોકન કર્યું કે લગ્ન એક મૂળભૂત સામાજીક વ્યવસ્થા છે. બે પુખ્ત વયના લોકોનો લગ્ન કરવાનો અધિકાર બંધારણની કલમ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના મૂળભૂત અધિકારનો અભિન્ન ભાગ છે.કોર્ટે જણાવ્યું હતું કે આવા લગ્નને મંજૂરી આપવાથી કેદીઓને સમાજના મુખ્ય પ્રવાહમાં પુનર્વસન અને પુનઃએકીકરણ ને પ્રોત્સાહન મળે છે, ફોજદારી ન્યાય પ્રણાલીના સુધારાના લક્ષ્યોને ઉત્તેજન મળે છે અને કેદીઓને ભવિષ્યમાં સામાજીક પારિવારિક જીવન જીવવાની તક મળે છે.

### તબીબોના મતે દોઢ કરોડ પ્રસવમાં એક કેસ બની શકે

# ઓસ્ટ્રેલિયન મહિલાએ એકસાથે ચાર 'હમશકલ' બાળકીઓને જન્મ આપ્યો

## પહેલેથી ચાર બાળકો ધરાવતા પરિવાર પર હવે પરવરિશનો બોજ, સહાયતા અભિયાનમાં લાખો ડોલરનો ફાળો મળ્યો

નવી દિલ્હી, તા.૨૩

ઓસ્ટ્રેલિયાની ૩૪ વર્ષીય જેનીટાર નાઆમોઆનાએ એક જ અંડમાંથી વિકસીત થયેલી ચાર એકસરખી બાળકીઓને જન્મ આપીને ચિકિત્સા વિશ્વને આશ્ચર્યચકિત કર્યું છે. ૧૪ જુલાઈએ સાત મહિના ચાર દિવસની ગર્ભાવસ્થા પછી સિઝેરિયન ઓપરેશન દ્વારા આ બાળકીઓનો સુરક્ષિત જન્મ થયો. ચિકિત્સા વિજ્ઞાનમાં એને મોનોઝાઈગોટિક ક્વોડ્રુપ્લેટ્સ કહેવાય છે, જે લગભગ દોઢ કરોડ ગર્ભધારણમાં માત્ર એકવાર જોવા મળે છે.તબીબી નિષ્ણાતોના મતે આ દુર્લભ ગર્ભાવસ્થામાં એક જ ફળદ્રુપ ઈંડુ ચાર ભાગમાં વિભાજિત થયું, જેમાંથી ચાર બાળકીઓનો જન્મ થયો. સૌથી અનોખી વાત એ છે કે ચારેય ભ્રૂણ એક જ પ્લેસેન્ટાથી જોડાયેલા હતા, જે ચિકિત્સા વિજ્ઞાનમાં અત્યંત અસામાન્ય સ્થિતિ માનવામાં આવે છે. આ જ કારણે સમગ્ર ગર્ભાવસ્થાને અત્યાધિક જોખમી માનવામાં આવી અને સમગ્ર સમય દરમ્યાન ચિકિત્સકોએ મહિલાની વિશેષ દેખરેખ રાખી.ગર્ભાવસ્થાના પચ્ચીસમાં અઠવાડિયામાં જ જેનીટારને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી જેથી માતા અને બાળકીઓની સતત દેખરેખ રાખી શકાય. સુરક્ષિત પ્રસવ પછી બાળકીઓના નામ એમિલી, હૈરિયટ, કૈથરીન અને અલેક્સા રાખવામાં આવ્યા. ચોથી બાળકીનું નામ ઉપચાર કરનાર ડોક્ટર અલેક્સા બેંડલના સન્માનમાં રાખવામાં આવ્યું. હાલ ચારે નવજાત સંપૂર્ણ રીતે સ્વસ્થ છે અને તેમના પૂર્ણ વિકાસ સુધી તેમને એનઆઈસીયુમાં ઈન્ક્યુબેટરમાં રાખવામાં આવી છે.જેનીટાર અને તેના પતિ જોર્થમને પહેલેથી ચાર બાળકો છે. હવે પરિવારમાં કુલ આઠ બાળકો સહિત દસ સભ્યો થઈ ગયા છે. એક સાથે ચાર નવજાતની દેખભાળ અને આટલા મોટા પરિવારની જરૂરીયાતને પૂરી કરવી તેમના માટે મોટો પડકાર બની ગયો છે. આ જ કારણે તેમણે હવે વેન ખરીદવા માટે ઓનલાઈન સહાયતા અભિયાન શરૂ કર્યું છે. તેમની ભાવનાત્મક અપીલથી પ્રભાવિત થઈને લોકોએ અત્યાર સુધી ૩૭ હજાર ઓસ્ટ્રેલિયાઈ ડોલર એટલે લગભગ ૨૫ લાખ રૂપિયાથ વધુનો સહયોગ પ્રદાન કર્યો છે.

### પૂરની સ્થિતિ વચ્ચે લોકો છત પર આશરો લેવા મજબૂર

# વલસાડમાં મેઘરાજાનો મહાપ્રલય; ઉમરગામમમાં ૪૨ ઈંચથી વધુ વરસાદ

## આ ઉપરાંત નાનાપોંધામાં ૩૦ ઈંચ અને ધરમપુરમાં ૨૩ ઈંચ વરસાદ વરસતાં નદીઓ ગાંડીતૂર બની છે

વલસાડ, તા.૨૩

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં મેઘરાજાએ એવું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે કે સમગ્ર જિલ્લો જળમગ્ન થઈ ગયો છે. વલસાડ જિલ્લામાં છેલ્લા કેટલાક કલાકોથી મેઘાનું અવિરત તાંડવ જોવા મળી રહ્યું છે, જેના કારણે ચારે તરફ માત્ર પાણી જ પાણી નજરે પડી રહ્યું છે. અત્યંત ભારે વરસાદને કારણે વલસાડમાં આકાશી આફત આવી પડી છે અને સ્થાનિક લોકોના જીવ માથે ભારે સંકટ ઊભું થયું છે.

જિલ્લામાં વરસાદી આંકડાઓ સામે આવ્યા છે તે અત્યંત ચોંકાવનારા છે. માત્ર ૨૬ કલાકના ટૂંકા ગાળામાં જ મેઘરાજાએ સમગ્ર જિલ્લાને ધમરોળી નાખ્યો છે. ઉમરગામમાં છેલ્લા ૨૬ કલાકમાં જ રેકોર્ડબ્રેક ૪૨ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. કપરાડામાં ૨૬ કલાકની અંદર ૩૨.૫ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે. નાનાપોંધામાં ગઈકાલથી અત્યાર સુધીમાં ૩૦ ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે. ધરમપુર પંથકમાં પણ અત્યાર સુધીમાં ૨૩ ઈંચ જેટલો વરસાદ પડી ગયો છે. અતિભારે વરસાદના કારણે વલસાડ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. જળબંબોળ સ્થિતિને કારણે રસ્તાઓ, ઘરો અને વેપાર-ધંધા પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ઘણા વિસ્તારોમાં ઘરોમાં ૫ થી ૮ ફૂટ જેટલા પાણી ભરાઈ જતાં સ્થિતિ વણસી છે. લોકો પોતાના પરિવાર અને બાળકોનો જીવ બચાવવા માટે ઘરની છત પર ચડીને આશરો લેવા મજબૂર બન્યા છે. સતત વરસી રહેલા આફતના વરસાદને કારણે વલસાડ જિલ્લાની તમામ મુખ્ય નદીઓ બે કાંઠે અને ગાંડીતૂર બનીને વહી રહી છે. નદીઓના પાણી ગામડાઓમાં અને રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જતાં અત્યંત ભયાનક સ્થિતિ સર્જાઈ છે. જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોનો સંપર્ક મુખ્ય મથકથી કપાઈ ગયો છે. સ્થાનિક તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન ટીમો (NDRF/SDRF) દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને રેસ્ક્યૂ કરવાની અને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી ઝડપથી શરૂ કરી દેવામાં આવી છે. તેમ છતાં, જો વરસાદનું જોર આમ જ ચાલુ રહેશે તો સ્થિતિ વધુ ગંભીર બને તેવી શક્યતા છે.

### ખાડીઓ ઓવરફ્લો થતાં જળબંબાકાર

# સુરતમાં ૧૫ દિવસમાં બીજીવાર પૂરની સ્થિતિ

## કામરેજમાં સ્થાનિક પ્રશાસન, પદાધિકારીઓ અને સંગઠન ટીમે આખી રાત ખડેપગે રહી અસરગ્રસ્ત પરિવારોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા

સુરત, તા.૨૩

સુરત શહેર અને જિલ્લામાં સતત વરસી રહેલા મુશળધાર વરસાદને કારણે જનજીવન ભારે પ્રભાવિત થયું છે. માત્ર ૧૫ દિવસના ટૂંકા ગાળામાં જ સુરતમાં બીજી વખત પૂર જેવી વિકટ સ્થિતિ સર્જાઈ છે. અવિરત વરસાદના કારણે શહેર અને આસપાસની મુખ્ય ખાડીઓ ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. સણીયાહેમાદ જેવા વિસ્તારોમાં તો કમરસમા પાણી ભરાઈ જતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા છે. સ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને તંત્ર અને લોકપ્રતિનિધિઓ તરત જ એક્શન મોડમાં આવી ગયા છે.

આરોગ્ય રાજ્યમંત્રી અને કામરેજના ધારાસભ્ય પ્રફુલ પાનશેરીયાના પ્રત્યક્ષ માર્ગદર્શન અને સતત દેખરેખ હેઠળ કામરેજ તાલુકામાં રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. મંત્રીશ્રી વરસાદી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે અને તંત્રને જરૂરી તમામ મદદ અને દિશાનિર્દેશો પૂરા પાડી રહ્યા છે. મંત્રીની સૂચનાથી ગ્રાઉન્ડ ઝીરો પર સ્થાનિક પદાધિકારીઓ અને પ્રશાસનની ટીમે આખી રાત ખડેપગે રહીને બચાવ કામગીરી પાર પાડી હતી.

પાણી ભરાવાની ગંભીર સ્થિતિ વચ્ચે અહીંથી કુલ ૩૧ અસરગ્રસ્તોનું સફળતાપૂર્વક સ્થળાંતર કરાયું હતું. જેમાંથી ૧૮ લોકોને સ્થાનિક શાળામાં અને ૧૩ લોકોને તેમના સગા-સંબંધીઓને ત્યાં સુરક્ષિત આશ્રય અપાવવામાં આવ્યો હતો.

રાજીવનગર અને રામકિશન કોલોની વિસ્તારોમાંથી અંદાજે ૧૦૦ થી ૧૧૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે. અસરગ્રસ્તો માટે તંત્ર અને સંગઠન દ્વારા આશ્રય, ગરમ ભોજન, શુદ્ધ પીવાનું પાણી, સવારનો નાસ્તો અને જરૂરી દવાઓ સહિતની તમામ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

મંત્રીના સૂચન અનુસાર તાલુકા પંચાયત પ્રમુખ કૌશલભાઈ, સુચેતનભાઈ, મહેશભાઈ, જિલ્લા પંચાયત સભ્ય પરેશભાઈ, વેલંજાના કોર્પોરેટર મનીષાબેન ખેર, પ્રફુલભાઈ, જયસુખભાઈ અજોડિયા, તા.પં. સભ્ય કિશોરભાઈ દુધાત સહિત જિલ્લા-તાલુકા પંચાયતની સમગ્ર ટીમ અને સંગઠનના કાર્યકર્તાઓએ રાત-દિવસ જોયા વગર નાગરિકોની સુરક્ષા માટે કામ કર્યું હતું.

સ્થિતિને પહોંચી વળવા તંત્ર સતર્ક હોવાનું જણાવતાં આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ નાગરિકોને શાંતિ અને ધૈર્ય જાળવવા અનુરોધ કર્યો છે. સોશિયલ મીડિયા પર ફેલાતી ખોટી અફવાઓ પર વિશ્વાસ ન કરવો. બિનજરૂરી ઘરની બહાર ન નીકળવું અને સ્થાનિક તંત્રની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું. કોઈપણ આપાતકાલીન સ્થિતિ કે મદદ માટે તાત્કાલિક સ્થાનિક પ્રશાસન અથવા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા જણાવાયું છે.

### S.G હાઇ-વે પર ૭થી ૮ કિ.મી લાંબો ટ્રાફિક જામ

# અમદાવાદમાં ઘરોમાં પાણી ઘૂસ્યા, રસ્તાઓ બોટમાં ફેરવાયા

## બોપલમાં ઢીંચણસમા પાણી ભરાઈ જતાં અને સ્ટર્લિંગ સિટી સોસાયટીના ઘરોમાં પાણી ઘૂસી જતાં રહીશો મુશ્કેલીમાં મુકાયા

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. ગુરુવારે વહેલી સવારે ૩.૩૦ વાગ્યાથી ધીમી ધારે શરૂ થયેલા વરસાદે સવારે ૯ વાગ્યા પછી રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. પશ્ચિમ અમદાવાદના વિસ્તારોમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા માત્ર ૧ કલાકમાં ૨ ઈંચ જેટલો ખાબકેલો વરસાદ સમગ્ર શહેરને જળબંબાકાર કરી ગયો છે. અમદાવાદમાં વહેલી સવારે ૩.૩૦ વાગ્યાથી શરૂ થયેલા ધીમીધારના વરસાદ બાદ સવારે ૯ વાગ્યા પછી મેઘરાજાએ તોફાની બેટિંગ શરૂ કરી હતી. પશ્ચિમ વિસ્તારના બોપલ, જોધપુર, સેટેલાઈટ, એસજી હાઈવે અને આંબાવાડીમાં માત્ર ૧ કલાકમાં ૨ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબક્યો હતો. એસજી હાઈ-વે ઉપર સાતથી આઠ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ જોવા મળી રહ્યો હતો. બ્રિજની ઉપર ટ્રાફિક જામથી રસ્તો બ્લોક થયો હતો. બ્રિજની નીચેનો રોડ બેટમાં ફેરવાયો છે, જેના કારણે લોકો બ્રિજ પર જવાનું પસંદ કરી રહ્યા હતા. બે કલાકથી લોકો ટ્રાફિક જામમાં અટવાયા હતા.

શહેરના બોપલ, જોધપુર, સેટેલાઈટ, એસ.જી. હાઈવે અને આંબાવાડી જેવા પોશ વિસ્તારોમાં મુસળધાર વરસાદથી રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા છે. ભારે વરસાદના કારણે વાહનચાલકોની વિઝિબિલિટી ઘટી જતાં વાહનવ્યવહારને માઠી અસર પહોંચી છે. બોપલમાં ઢીંચણસમા પાણી ભરાઈ જતાં સ્ટર્લિંગ સિટી સોસાયટી અને નીચાણવાળા વિસ્તારોના ઘરો તેમજ દુકાનોમાં પણ પાણી ઘૂસી ગયા છે. પીપળેશ્વર સોસાયટી બહારનો મુખ્ય રોડ પણ જળમગ્ન થઈ ગયો છે.

ઘરો અને દુકાનોમાં પાણી ભરાતાં રહીશો અને વેપારીઓ ભારે ચિંતામાં મુકાયા છે. સુરક્ષાના ભાગરૂપે તંત્ર દ્વારા અમદાવાદના તમામ મુખ્ય ૫ અંડરપાસ બંધ કરી દેવાયા છે. જેમાં અખબારનગર, મીઠાખળી, શાહીબાગ, મકરબા અને પરિમલ અંડરપાસ નો સમાવેશ થાય છે. ડી કેબિન અંડરબ્રિજમાં પણ પાણી ભરાઈ જતાં તેને વાહનો માટે બંધ કરાયો છે. અમદાવાદમાં સતત વરસી રહેલા ભારે વરસાદને પગલે હવામાન વિભાગ દ્વારા શહેર માટે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

માત્ર અમદાવાદ જ નહીં, દક્ષિણ ગુજરાતમાં પણ મેઘરાજાએ ભારે તાંડવ મચાવ્યું છે. વલસાડ, નવસારી અને દમણ-દાદરા નગર હવેલીમાં છેલ્લા ૨૪ કલાકમાં આકાશી આફત જેવો અત્યંત ભારે વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સર્જાયેલી વરસાદી સંકટની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી એક્શન મોડમાં આવ્યા છે. પરિસ્થિતિની સમીક્ષા કરવા અને રાહત-બચાવ કામગીરીનું સીધું મોનિટરિંગ કરવા માટે મુખ્યમંત્રી સ્ટેટ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજી રહ્યા છે.

હવામાન વિભાગની અગમચેતી મુજબ, આગામી દિવસોમાં ગુજરાતમાં ૩૦થી ૪૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાવાની સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૪ જુલાઈએ પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં અતિભારે વરસાદની શક્યતા છે. જ્યારે વલસાડ, નવસારી, તાપી, ગાંધીનગર અને સાબરકાંઠામાં અતિભારે તથા અમદાવાદ અને સુરતમાં ભારે વરસાદની ભીતિ સેવવામાં આવી છે. ૨૫ અને ૨૬ જુલાઈએ સાબરકાંઠા, બનાસકાંઠા અને અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં મેઘરાજા મુસળધાર વરસી શકે છે. તંત્ર દ્વારા તમામ નીચાણવાળા વિસ્તારોના લોકોને સતર્ક રહેવા અને બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં પોલીસ અધિક્ષક સહિત

આ જ દષ્ટિકોણને સાકાર કરવાની દિશામાં અમરેલી જિલ્લા પોલીસ દ્વારા શરૂ કરાયેલ 'મિશન સ્માઈલ'એ એક વ્યાપક જન–આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યુ છે. આ અભિયાન અંતર્ગત શાળાઓ અને આંગણવાડીઓમાં બાળકો, શિક્ષકો, વાલીઓ અને કર્મચારીઓને ગુડ ટચ–બેડ ટચ, પોકસો કાયદો, સાયબર સુરક્ષા, આત્મરક્ષા તેમજ શોષણ સામે નિર્ભયતાથી અવાજ ઉઠાવવા અંગે માર્ગદર્શન આપી એક સુરક્ષિત અને જાગૃત સામાજિક તંત્ર ઊભું કરવામાં આવ્યું છે.

''SKOCH Award''એ લોકઉપયોગી કાર્યની રાષ્ટ્રીય સ્તરે થયેલી ઉત્કૃષ્ટ સ્વીકૃતિ છે, જે સમગ્ર દેશમાં બાળ સુરક્ષા ક્ષેત્રે એક પ્રેરણાદાયી મોડેલ તરીકે ઉભરી આવી છે. આ પહેલ અન્ય જિલ્લાની પોલીસ માટે પણ દીવાદાંડી સમાન બનશે. આ સિદ્ધિ બદલ અમરેલી જિલ્લા પોલીસ ટીમ તેમજ આ અભિયાન સાથે જોડાયેલા તમામ શિક્ષકો, આંગણવાડી કાર્યકરો અને સહયોગી સંસ્થાઓને હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું તેમ અંતમાં જણાવેલ હતું.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીમાં કોંગ્રેસ પક્ષનાં આગેવાનોએ

તૈયાર નથી. આ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરતી કેન્દ્ર સરકાર સામે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી તેમજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ ખડગેએ પણ વિદ્યાર્થીઓના પ્રકો સરકારને ગંભીર ચેતવણી આપી હોવા છતા પણ સરકાર આ પ્રો સમાધાન કે વિદ્યાર્થીઓને ન્યાય મળે તે માટે કોઈપણ કાર્યવાહી કરવામાં રસ ધરાવતી નથી. આ કેન્દ્ર સરકારના અહંકાર સામે રાહુલ ગાંધીએ પી.એમ. હાઉસ જવા પ્રયત્ન કરતા તેમની સામે કેન્દ્ર સરકાર દ્વારા પોલીસ બળ દ્વારા બળપ્રયોગ કરી અને તેમની ધરપકડ કરવામાં આવેલ. આ સમગ્ર બાબતોથી જિલ્લાના આગેવાનો કાર્યકરો, યુવાનો, વિદ્યાર્થીઓનો રોષ ફાટી નીકળ્યો હતો અને દિલ્હી ખાતે જંતર–મંતર ઉપર વિદ્યાર્થીઓના આમરણ ઉપવાસને સમર્થન આપવા માટે આજે તા. ૨૩/૭/૨૦૨૬ના રોજ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા અમરેલી જિલ્લા કલેકટર મારફત મહામહિમ રાષ્ટ્રપતિને અને ભારત સરકારને જિલ્લાના કાર્યકરો, યુવાનો, વિદ્યાર્થીઓની લાગણી પહોંચાડવા આવેદનપત્ર સુપ્રત કરવામાં આવેલ.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૦૫ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૨૧૮૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૭૧૦ |
| ૪ | તલ કાળા | ૨૪૫૦ | ૩૮૩૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૧૮૬૦ | ૨૪૭૫ |
| ૬ | બાજરો | ૩૯૦ | ૪૭૫ |
| ૭ | જુવાર | ૪૭૦ | ૧૨૯૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૭૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૫૦ |
| ૧૦ | મગ | ૧૫૦૦ | ૧૫૪૦ |
| ૧૧ | ચણા | ૧૦૧૫ | ૧૨૬૫ |
| ૧૨ | સફેદ ચણા | ૧૧૩૦ | ૧૨૧૦ |
| ૧૩ | છોલે ચણા | ૧૦૬૦ | ૧૭૩૦ |
| ૧૪ | તુવેર | ૯૫૦ | ૧૫૦૦ |
| ૧૫ | કપાસ | ૮૨૫ | ૧૯૧૫ |
| ૧૬ | એરંડા | ૧૧૯૫ | ૧૩૦૦ |
| ૧૭ | જીરૂ | ૩૭૮૫ | ૩૮૮૦ |
| ૧૮ | રાય | ૧૪૨૦ | ૧૪૨૦ |
| ૧૯ | ધાણી | ૧૯૦૦ | ૩૦૬૫ |
| ૨૦ | મેથી | ૧૧૨૫ | ૧૩૫૦ |
| ૨૧ | સોયાબીન | ૧૧૨૫ | ૧૪૧૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## પાયલટની જાગૃતતાથી સિંહનો બચાવ

સતર્કતાપૂર્વક ટ્રેનોનું સંચાલન કરી રહ્યા છે. લોકો પાયલટોની સજાગતા તેમજ વન વિભાગનાં ફોરેસ્ટ ટ્રેકરો સાથેના સુમેળભર્યા સંકલનનાં પરિણામે નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન કુલ ૧૫૯, નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન ૧૨૯ તથા વર્તમાન નાણાકીય વર્ષ૨૦૨૬–૨૭માં એપ્રિલ મહિનાથી અત્યાર સુધીમાં ૩૨ સિંહોને સુરક્ષિત રીતે બચાવવામાં સફળતા મળી છે.

ભાવનગર મંડળનાં વરિષ્ઠ મંડળ વાણિજય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, લોકો પાયલટ ચંદન કુમાર (જૂનાગઢ) તથા સહાયક લોકો પાયલટ મોહમ્મદ શિબ્લી (જૂનાગઢ) તા. ૨૩ જુલાઈનાં રોજ ટ્રેન નં. ૫૨૯૫૫ વેરાવળ–જૂનાગઢ પેસેન્જરનું સંચાલન કરી રહ્યા હતા. આ દરમિયાન સાસણ ગીર–કાંસિયાનેશ રેલખંડમાં કિ.મી. નં. ૧૧૪/૦૨–૧૧૪/૦૧ નજીક અચાનક એક સિંહ રેલ્વે ટ્રેક પર જોવા મળ્યો હતો. આવી પરિસ્થિતિની ગંભીરતા સમજી લોકો પાયલટે પોતાની તાત્કાલિક સૂઝબૂઝ અને સતર્કતાથી ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત રીતે રોકી દીધી, જેના કારણે સિંહ સંભવિત અકસ્માતમાંથી બચી ગયો.

ત્યારબાદ લોકો પાયલટે તરત જ ટ્રેન મેનેજર (ગાર્ડ)ને ઘટનાની જાણ કરતા વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર જે. જી. પરમાર ઘટના સ્થળે પહોંચ્યા હતા. અને સિંહને સુરક્ષિત રીતે રેલ્વે ટ્રેક પરથી દૂર ખસેડયો હતો. પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ લોકો પાયલટને ટ્રેનને ફરીથી પ્રસ્થાન કરવાની મંજૂરી આપવામાં આવી અને ટ્રેનને સાવચેતીપૂર્વક તેના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી.

આ ઘટનાની જાણ થતાં જ મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક ઋત્વિક શર્મા સહિત મંડળના અન્ય અધિકારીઓએ લોકો પાયલટોની સતર્કતા, સંવેદનશીલતા અને કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરી હતી.

ભાવનગર મંડળ વન્યજીવ સંરક્ષણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને રેલ્વે તથા વન વિભાગના સંકલિત પ્રયાસોથી એશિયાટિક સિંહોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત કાર્ય કરતું રહેશે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૬૦ | ૧૩૦૫ |
| ૨ | તલ સફેદ | ૨૪૫૦ | ૨૫૫૦ |
| ૩ | જીરૂ | ૩૦૦૫ | ૩૮૦૫ |
| ૪ | ઘઉં | ૫૦૧ | ૫૨૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૨૬૦ |
| ૨ | શીંગ દાણા | ૨૦૦૦ | ૨૬૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૫૭૭ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૭૫૦ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૩૬ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૧૫ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૭૮૦ |
| ૧૦ | મગ | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ૧૧ | ચણા | ૧૧૩૦ | ૧૧૯૦ |
| ૧૨ | તુવેર | ૧૩૦૦ | ૧૪૩૫ |
| ૧૩ | મેથી | ૧૦૦૦ | ૧૧૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## સાબરમતી–વેરાવળ રૂટ ઉપર

બદલાયેલા માર્ગ પર વંદે ભારત એક્સપ્રેસ વેરાવળથી સાબરમતી અને સાબરમતીથી વેરાવળ બંને દિશામાં જૂનાગઢ, ઢસા, ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા અને ગાંધીગ્રામ સ્ટેશનો પર રોકાશે. આથી આ વિસ્તારોના મુસાફરોને પ્રથમ વખત વંદે ભારત એક્સપ્રેસ જેવી વિશ્વસ્તરીય રેલ સેવાનો સીધો લાભ મળશે.

હાલમાં આ ટ્રેન વેરાવળ, જૂનાગઢ, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર જંકશન, વિરમગામ જંકશન અને સાબરમતી સ્ટેશનો મારફતે દોડે છે. નવા માર્ગના અમલ બાદ વેરાવળ, જૂનાગઢ, ઢસા, ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા, ગાંધીગ્રામ અને સાબરમતી જેવા મહત્વપૂર્ણ સ્ટેશનોના મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને આરામદાયક મુસાફરીનો વિકલ્પ મળશે. આ ફેરફારથી પ્રાદેશિક વિકાસ, પર્યટન અને વેપારિક પ્રવૃત્તિઓને પણ નવી ગતિ મળવાની આશા છે.

માર્ગ પરિવર્તન બાદ આ ટ્રેન વેરાવળથી હાલના નિર્ધારિત સમય બપોરે ૨:૪૫ વાગ્યાના બદલે ૩:૫૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને રાત્રે ૯:૩૫ વાગ્યાના બદલે ૧૦:૨૫ વાગ્યે સાબરમતી પહોંચશે. તે જ રીતે પરત ફરતી વખતે ટ્રેન સાબરમતીથી હાલના સવારે ૫:૨૫ વાગ્યાના બદલે ૬:૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બપોરે ૧૨:૨૫ વાગ્યાના બદલે ૧૨:૫૦ વાગ્યે વેરાવળ પહોંચશે.

સોમનાથ, ગીરવિસ્તાર તેમજ સૌરાષ્ટ્રના અન્ય મુખ્ય પર્યટન અને ધાર્મિક સ્થળોની મુલાકાત લેતા મુસાફરોને આ ફેરફારથી વિશેષ લાભ મળશે. સાથે જ સ્થાનિક નાગરિકો, વેપારીઓ અને વિદ્યાર્થીઓ માટે અમદાવાદ વિસ્તાર સાથેનું રેલ જોડાણ વધુ સરળ અને સુલભ બનશે.

ભાવનગર રેલ્વે મંડળના મંડળ રેલ પ્રબંધકે મુસાફરોને અપીલ કરી છે કે તેઓ મુસાફરીનું આયોજન કરતાં પહેલાં નવી સમયસૂચિ તેમજ આરક્ષણ સંબંધિત માહિતી અવશ્ય મેળવી લે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૫૨૧ | ૫૨૫ |
| ૨ | ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૩ | તુવેર | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૪ | ધાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૫ | મગ | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ૬ | દાણા | ૧૮૮૦ | ૧૮૮૦ |
| ૭ | સોયાબીન | ૧૦૦૦ | ૧૩૯૦ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૩૭૦ |
| ૯ | કલોંજી | ૨૫૦૧ | ૩૧૭૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ કાળા | ૨૬૦૦ | ૨૮૧૦ |
| ૨ | કપાસ | ૧૪૫૦ | ૧૫૦૦ |
| ૩ | બાજરો | ૪૧૧ | ૫૩૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૧૭ | ૫૩૩ |
| ૫ | જુવાર | ૬૭૫ | ૧૨૨૨ |
| ૬ | મગ | ૧૫૫૮ | ૧૫૫૮ |
| ૭ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૮ | ચણા | ૧૧૦૧ | ૧૨૧૬ |
| ૯ | મેથી | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ૧૦ | ચોળી | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૧૧ | શીંગદાણા | ૧૯૩૨ | ૧૯૩૨ |

પાના ૮ ઉપરનું ચાલું

## બાબરા ખાતે જલારામ મંદિરમાં

તેથી વધુ ગુણ મેળવનારા ૫૪ તેજસ્વી વિદ્યાર્થીઓનું દાતાઓ અને મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવશે.

આ પ્રસંગે વિવિધ દાતાઓના સહયોગથી વિદ્યાર્થીઓને ૧,૧૩૪થી વધુ પ્રોત્સાહક ઈનામો અર્પણ કરવામાં આવશે. કેટલાક વિદ્યાર્થીઓને ૨૧થી વધુ ઈનામો પણ આપવામાં આવનાર હોવાથી આ સમારોહ વિદ્યાર્થીઓ માટે યાદગાર બની રહેશે.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બાબરા લોહાણા મહાજન, જય જલારામ ટ્રસ્ટના પ્રતિનિધિઓ ઉપરાંત ડો. ભરતભાઈ કાનાબાર, ભાવેશભાઈ સોઢા, સુમિતભાઈ ઠક્કર, સંજયભાઈ વણઝારા, વિશાલભાઈ સોઢા, મોન્ટુભાઈ સોનપાલ, મનોજભાઈ રૂપારેલ, ડીવાયએસપી વિસ્મય માનસેતા, ડીવાયએસપી વિરલ ચંદન, હસુભાઈ પોપટ, કલ્પેશભાઈ ખખ્ખર, પુનમબેન જસાણી, સોનલબેન વસાણી, જતીનભાઈ ઠક્કર, ઈન્દ્રેશભાઈ ગોકાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

સમારોહને સફળ બનાવવા માટે અનેક દાતાશ્રીઓએ ઉદાર હાથે ઈનામોનું દાન આપ્યું છે. રઘુવીર સેના બાબરા, લોહાણા મહાજન બાબરા તેમજ સમાજના અગ્રણી દાતાઓના સહયોગથી આ સમગ્ર આયોજનને ભવ્ય સ્વરૂપ આપવામાં આવ્યું છે.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ દાતાઓ, મહેમાનો અને સમગ્ર લોહાણા સમાજ માટે સમૂહ જ્ઞાતિ પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રઘુવીર સેના બાબરાના તમામ સભ્યો હાલમાં કાર્યક્રમને સફળ બનાવવા માટે તડામાર તૈયારીઓમાં વ્યસ્ત છે. સંસ્થાએ બાબરા લોહાણા સમાજના તમામ પરિવારજનોને સહપરિવાર ઉપસ્થિત રહી સમાજના તેજસ્વી તારલાઓનો ઉત્સાહ વધારવા અને આ ભવ્ય પ્રસંગને સફળ બનાવવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર ઉપેન્દ્રભાઈ કે. બોરીસાગર બી.એ.એલ.એલ.બી. એડવોકેટ & નોટરી, રહે. ખાંભા, તા. ખાંભા, જી. અમરેલી. તે આથી મારા અસીલશ્રી શ્રી માણસુરભાઈ જસાભાઈ વાઘ, રહે. જામકા, તા. ખાંભા, જિ. અમરેલીવાળાની સ્પષ્ટ સુચના અનુસાર આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવાની કે,

(૧) મોજે ગામ જામકા, તા. ખાંભા, જી. અમરેલીની રેવન્યુ સર્વે નં. ૧૮૯ વાળી જમીન અંગે સ્વર્ગસ્થ મૂળુભાઈ લુંભાભાઈ દ્વારા તા. ૧૩/૦૨/૧૯૭૮ના રોજ શ્રી જસાભાઈ મેપાભાઈ જોગ વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ, જે દસ્તાવેજ તા. ૦૪/૦૪/૧૯૭૮ના રોજ રાજુલાના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીના અનુ.નં. ૩૧૬, થી નોંધાયેલ છે, અને દસ્તાવેજની તારીખથી કબજો ખરીદનારને સોંપી આપવામાં આવેલ છે હાલ મારા અસીલશ્રી માણસુરભાઈ જસાભાઈ તથા અન્ય કાયદેસરના વારસદારો ઉપરોકત મિલ્કત અંગે પોતાના હકો ધરાવે છે તથા કબજેદાર છે.

(૨) ઉપરોકત જમીન અંગે વેચાણ દસ્તાવેજમાં સર્વે નંબરની લેખનભૂલ તથા મહેસૂલી રેકોર્ડમાં રહેલી વિસંગતતા બાબતે જરૂરી કાયદેસરની કાર્યવાહી ગુજરનાર જસાભાઈના વારસો દ્વારા મૂળુભાઈ લુંભાભાઈ નેસડીયાના વારસો સામે હાથ ધરવામાં આવી રહી છે તથા વેચનારના વારસદારોને કાનૂની નોટિસ પણ પાઠવવામાં આવી છે, મારા અસીલ ને માહિતી મળેલ છે કે તેઓ આ જમીન વેચાણ આપવાની અથવા તો તેના ઉપર કરજ, બોજો કે લોન કરવાની તજવીજ કરી રહ્યા છે અને તેથી મારા અસીલ ને આ જાહેર નોટિસ આપવાની ફરજ પડેલ છે.

(૩) સબબ આ નોટિસ આપી જાહેર જનતાને જાણ કરવાની કે

(૧) સ્વર્ગસ્થની મૂળુભાઈ લુંભાભાઈ નેસડીયાના કોઈપણ વારસદાર સાથે મોજે ગામ જામકા, તા. ખાંભા, જી. અમરેલીના સર્વે નંબર ૧૮૯ ની ખાતા નંબર ૧૬૪ ઉપર નોંધાયેલ મિલકત સંદર્ભે કોઈપણ પ્રકારનો વેચાણ, બાનાખત, ગીરો, બક્ષિસ, વિનિમય, પાવર ઓફ એટર્ની, લોન, કરજ, બોજા કે કબ્જા અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશો નહીં. જો કોઈ વ્યકિત ઉપરોકત જાહેર નોટિસ પ્રસિધ્ધ કરાવ્યા છતાં સ્વર્ગસ્થ મૂળુભાઈ લુંભાભાઈના વારસદારો અથવા તેમના મારફતે ઉપરોકત મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે, તો તે પોતાના સંપૂર્ણ જોખમ, ખર્ચ અને જવાબદારી ઉપર કરશે. આવા કોઈપણ વ્યવહારથી મારા અસીલોના કાયદેસરના હકો ઉપર કોઈ અસર પડશે નહીં અને તેવા વ્યકિત સામે તમામ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. અને તેવા પ્રસંગે મારા અસીલશ્રીને થતા તમામા પ્રકારનાં ખર્ચ અને પરિણામની સંપૂર્ણ જવાબદારી વ્યવહાર કરનાર અને કરાવનારની રહેશે, જેની જાહેર જનતાએ આથી ગર્ભિત નોંધ લેવી.

સ્થળ: ખાંભા
તારીખ : ૨૩/૦૭/૨૦૨૬,

અસીલશ્રીઓની સ્પષ્ટ સૂચના અનુસાર

::ઓફિસ:: "ઉપેન્દ્ર કે. બોરીસાગર"–એડવોકેટ, તક્ષશીલા વિદ્યા સંકુલ, જાફરાબાદ રોડ, મુ.તા.ખાંભા, જી.અમરેલી.

**ઉપેન્દ્ર કે. બોરીસાગર (એડવોકેટ & નોટરી) ખાંભા**
**En.No. G-1486/2003**

## જાહેર નોટિસ

અમો–**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી (ભારત સરકાર)** રહે.: બાબરા, જિ. અમરેલીના, તે અમારા અસીલ **કાસટીયા પોલાભાઈ કાળાભાઈ** રે.: **કુંકાવાવ નાની,** તા.: **કુંકાવાવ–વડીયા,** જિ.: **અમરેલી**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા–વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **કુંકાવાવ નાની** ગામે આવેલી રે.સ.નં. **૪૦૦/૧** વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૩ હેકટર ૨૩ આરે ૭૫ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ–સંસ્થા–પેઢી–ટ્રસ્ટ, વેચાણ–બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક–હિસ્સો–લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો, હોય તેમજ કોઈપણ ઈસમ–સંસ્થાને વાંધા–તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ– ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક–હિસ્સા–લાગભાગ કે કરજ– બોજ બાબતે લેખિત વાંધા–તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક–હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત–**અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ–વડિયા** તાલુકાના **કુંકાવાવ નાની** ગામે રે.સ.નં. **૪૦૦/૧** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક–હિસ્સા બાબતે વાંધા–તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૨૨/૦૭/૨૦૨૬**
**સ્થળ : ૧૭–જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૯૦૪૫૧૯**

**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી બાબરા**

## જાહેર નોટિસ

અમો–**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી (ભારત સરકાર)** રહે.: બાબરા, જિ. અમરેલીના, તે અમારા અસીલ **બોઘાણી ચંદુભાઈ જીવાભાઈ** રે.: **બાભણીયા,** તા.: **કુંકાવાવ–વડીયા,** જિ.: **અમરેલી**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા–વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **બાભણીયા** ગામે આવેલી રે.સ.નં. **૯૦ પૈકી ૧** વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૨ હેકટર ૪૮ આરે ૮૯ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ–સંસ્થા–પેઢી–ટ્રસ્ટ, વેચાણ–બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક–હિસ્સો–લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો, હોય તેમજ કોઈપણ ઈસમ–સંસ્થાને વાંધા–તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ– ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક–હિસ્સા–લાગભાગ કે કરજ– બોજ બાબતે લેખિત વાંધા–તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક–હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત–**અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ–વડિયા** તાલુકાના **બાભણીયા** ગામે રે.સ.નં. **૯૦ પૈકી ૧** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક–હિસ્સા બાબતે વાંધા–તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૨૨/૦૭/૨૦૨૬**
**સ્થળ : ૧૭–જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૯૦૪૫૧૯**

**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી બાબરા**

## જાહેર નોટિસ

અમો–**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી (ભારત સરકાર)** રહે.: બાબરા, જિ. અમરેલીના, તે અમારા અસીલ **રમેશભાઈ હરીભાઈ હીરપરા** રે.: **માલવણ,** તા.: **અમરેલી,** જિ.: **અમરેલી**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા–વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **અમરેલી** તાલુકાના **માલવણ** ગામે આવેલી રે.સ.નં. **૨૩/૧ પૈકી ૨/ પૈકી ૨** વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૦ હેકટર ૬૯ આરે ૩૦ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ–સંસ્થા–પેઢી–ટ્રસ્ટ, વેચાણ–બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક–હિસ્સો–લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો, હોય તેમજ કોઈપણ ઈસમ–સંસ્થાને વાંધા–તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ– ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક–હિસ્સા–લાગભાગ કે કરજ– બોજ બાબતે લેખિત વાંધા–તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક–હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત–**અમરેલી** જિલ્લાનાં **અમરેલી** તાલુકાના **માલવણ** ગામે રે.સ.નં. **૨૩/૧ પૈકી ૨/ પૈકી ૨** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક–હિસ્સા બાબતે વાંધા–તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૨૨/૦૭/૨૦૨૬**
**સ્થળ : ૧૭–જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૯૦૪૫૧૯**

**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી બાબરા**

## જાહેર નોટિસ

અમો–**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી (ભારત સરકાર)** રહે.: બાબરા, જિ. અમરેલીના, તે અમારા અસીલ **કીકાણી નાથાભાઈ વલ્લભભાઈ** રે.: **કુંકાવાવ નાની,** તા.: **કુંકાવાવ–વડીયા,** જિ.: **અમરેલી**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા–વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **કુંકાવાવ નાની** ગામે આવેલી રે.સ.નં. **૪૩૬ પૈકી ૧** વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૨ હેકટર ૮૫ આરે ૩૧ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ–સંસ્થા–પેઢી–ટ્રસ્ટ, વેચાણ–બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક–હિસ્સો–લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો, હોય તેમજ કોઈપણ ઈસમ–સંસ્થાને વાંધા–તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ– ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક–હિસ્સા–લાગભાગ કે કરજ– બોજ બાબતે લેખિત વાંધા–તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક–હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત–**અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ–વડિયા** તાલુકાના **કુંકાવાવ નાની** ગામે રે.સ.નં. **૪૩૬ પૈકી ૧** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક–હિસ્સા બાબતે વાંધા–તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૨૨/૦૭/૨૦૨૬**
**સ્થળ : ૧૭–જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૯૦૪૫૧૯**

**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી બાબરા**

## જાહેર નોટિસ

અમો–**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી (ભારત સરકાર)** રહે.: બાબરા, જિ. અમરેલીના, તે અમારા અસીલ **વઘાસીયા હિતેશકુમાર ગોરધનભાઈ** રે.: **માલવણ,** તા.: **અમરેલી,** જિ.: **અમરેલી**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા–વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **અમરેલી** તાલુકાના **માલવણ** ગામે આવેલી રે.સ.નં. **૭૯ પૈકી ૨** વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૧ હેકટર ૮૮ આરે ૧૮ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ–સંસ્થા–પેઢી–ટ્રસ્ટ, વેચાણ–બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક–હિસ્સો–લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો, હોય તેમજ કોઈપણ ઈસમ–સંસ્થાને વાંધા–તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ– ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક–હિસ્સા–લાગભાગ કે કરજ– બોજ બાબતે લેખિત વાંધા–તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક–હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત–**અમરેલી** જિલ્લાનાં **અમરેલી** તાલુકાના **માલવણ** ગામે રે.સ.નં. **૭૯ પૈકી ૨** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક–હિસ્સા બાબતે વાંધા–તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૨૨/૦૭/૨૦૨૬**
**સ્થળ : ૧૭–જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૯૦૪૫૧૯**

**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી બાબરા**

## જાહેર નોટિસ

અમો–**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી (ભારત સરકાર)** રહે.: બાબરા, જિ. અમરેલીના, તે અમારા અસીલ **ગેવરીયા બાલુભાઈ પુનાભાઈ** રે.: **અમરાપુર,** તા.: **કુંકાવાવ–વડીયા,** જિ.: **અમરેલી**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા–વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **અમરાપુર** ગામે આવેલી રે.સ.નં. **૧૮૫** વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૨ હેકટર ૪૩ આરે ૮૨ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ–સંસ્થા–પેઢી–ટ્રસ્ટ, વેચાણ–બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક–હિસ્સો–લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો, હોય તેમજ કોઈપણ ઈસમ–સંસ્થાને વાંધા–તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ– ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક–હિસ્સા–લાગભાગ કે કરજ– બોજ બાબતે લેખિત વાંધા–તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક–હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત–**અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ–વડિયા** તાલુકાના **અમરાપુર** ગામે રે.સ.નં. **૧૮૫** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક–હિસ્સા બાબતે વાંધા–તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૨૨/૦૭/૨૦૨૬**
**સ્થળ : ૧૭–જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી. મો. ૯૪૨૬૯૦૪૫૧૯**

**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી બાબરા**

## જાહેર નોટિસ

અમો–**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી (ભારત સરકાર)** રહે.: બાબરા, જિ. અમરેલીના, તે અમારા અસીલ **વાળા કિશોરભાઈ વાજસુરભાઈ** રે.: **અમરાપુર,** તા.: **કુંકાવાવ–વડીયા,** જિ.: **અમરેલી**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા–વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **અમરાપુર** ગામે આવેલી રે.સ.નં. **૪૭૧ પૈકી ૧** વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૫ હેકટર ૫૯ આરે ૪૯ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ–સંસ્થા–પેઢી–ટ્રસ્ટ, વેચાણ–બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક–હિસ્સો–લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો, હોય તેમજ કોઈપણ ઈસમ–સંસ્થાને વાંધા–તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ– ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક–હિસ્સા–લાગભાગ કે કરજ– બોજ બાબતે લેખિત વાંધા–તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક–હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત–**અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ–વડિયા** તાલુકાના **અમરાપુર** ગામે રે.સ.નં. **૪૭૧ પૈકી ૧** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક–હિસ્સા બાબતે વાંધા–તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૨૨/૦૭/૨૦૨૬**
**સ્થળ : ૧૭–જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી. મો. ૯૪૨૬૯૦૪૫૧૯**

**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી બાબરા**

## જાહેર નોટિસ

અમો–**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી (ભારત સરકાર)** રહે.: બાબરા, જિ. અમરેલીના, તે અમારા અસીલ **ભીમાણી અશોકભાઈ ગોકળભાઈ** રે.: **અમરાપુર,** તા.: **કુંકાવાવ–વડીયા,** જિ.: **અમરેલી**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા–વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **અમરાપુર** ગામે આવેલી રે.સ.નં. **૨૭૪** વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૧ હેકટર ૫૭ આરે ૮૩ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ–સંસ્થા–પેઢી–ટ્રસ્ટ, વેચાણ–બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક–હિસ્સો–લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો, હોય તેમજ કોઈપણ ઈસમ–સંસ્થાને વાંધા–તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ– ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક–હિસ્સા–લાગભાગ કે કરજ– બોજ બાબતે લેખિત વાંધા–તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક–હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત–**અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ–વડિયા** તાલુકાના **અમરાપુર** ગામે રે.સ.નં. **૨૭૪** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક–હિસ્સા બાબતે વાંધા–તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૨૨/૦૭/૨૦૨૬**
**સ્થળ : ૧૭–જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી. મો. ૯૪૨૬૯૦૪૫૧૯**

**સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી બાબરા**

# અમરેલી : મોંઘીબા કોલેજની NSSની બહેનોએ યુવા આપદા મિત્રની તાલીમમાં ભાગીદારી નોંધાવી



અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કાલેજ, અમરેલીની NSSની કુલ ૧૧ વિદ્યાર્થિની બહેનોએ તારીખ ૧૫/૦૭/૨૦૨૬ થી ૨૧/૦૭/૨૦૨૬ સુધી અમરેલી જિલ્લા ખાતે સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ અમરેલી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે આયોજિત 'યુવા આપદા મિત્ર' સાત દિવસીય તાલીમ કેમ્પમાં ઉત્સાહભેર ભાગ લીધો. આ તાલીમ પોલીસ ગ્રાઉન્ડ ખાતે યોજાય હતી. આ તાલીમનો મુખ્ય હેતુ યુવાનોને આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃત બનાવી; આપત્તિના સમયે અસરકારક રીતે રાહત અને બચાવ કામગીરી કરી શકે તેવા પ્રશિક્ષિત સ્વયંસેવકો તૈયાર કરવાનો હતો.

સાત દિવસ દરમિયાન વિદ્યાર્થીનીઓને આપત્તિ વ્યવસ્થાપનના મૂળભૂત સિધ્ધાંતો, પ્રથમ સારવાર (First Aid), CPR, આગ, પૂર, ભૂકંપ અને અન્ય કુદરતી તથા માનવસર્જિત આપત્તિઓમાં બચાવ કામગીરી, શોધ અને બચાવ (Search & Rescue), દોરડાં દ્વારા બચાવ, ઘાયલ વ્યકિતને સુરક્ષિત રીતે સ્થળાંતર કરવાની પદ્ધતિ તેમજ મોક ડ્રિલ દ્વારા પ્રાયોગિક તાલીમ આપવામાં આવી. નિષ્ણાત પ્રશિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિવિધ સાધનોના ઉપયોગ અને ટીમવર્કનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું.

તાલીમ દરમિયાન વિદ્યાર્થીનીઓએ શિસ્ત, સમર્પણ અને ઉત્સાહપૂર્વક તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. આ તાલીમ દ્વારા તેમનામાં નેતૃત્વ, આત્મવિાસ, સેવા- ભાવના, સામાજિક જવાબદારી તથા આપત્તિના સમયે ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થયો.

વિદ્યાર્થીનીઓને તાલીમમાં જોડવા માટેનું સંપૂર્ણ પ્રોત્સાહન અને માર્ગદર્શન કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વિલાસબેન સોરઠિયા તથા પ્રોગ્રામ આફિસરે ડો. નિરૂપા ટાંક દ્વારા પુરૂં પાડવામાં આવ્યું હતું.

# શરીર સંબધી ગુન્હામાં સંડોવાયેલ હોવાથી અમરેલીનાં ચકકરગઢ ઉપર રહેતાં ઈસમની પાસા હેઠળ અટકાયત

## જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે કાર્યવાહી




અમરેલી, તા. ૨૩

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતે શરીર સંબંધી તથા મિલકત સંબંધી તથા પ્રોહિબીશન ગુનાઓને લગતી અસામાજીક પ્રવૃતિઓમાં સંડોવાયેલ ઈસમો વિરૂધ્ધ પાસા દરખાસ્ત કરી પાસા હેઠળ અટકાયત કરી જેલમાં મોકલી આપવા માટે સુચના આપવામાં આવેલ હતી.

અમરેલી સીટી પોલિસ સ્ટેશનના પોલીસ ઈન્સ. એમ.એમ. ઝાલાએ અમરેલી જિલ્લામાં શરીર સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ બાપુનગર વિસ્તારમાં રહેતા યુવરાજ ઉર્ફે શિવકુ બાબુભાઈ મકવાણા નામના ઈસમ વિરૂધ્ધ પાસા અંગે દરખાસ્ત તૈયાર કરી. અને જે દરખાસ્ત પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપવામાં આવેલ હતી

જે અન્વયે અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા યુવરાજ ઉર્ફે શિવકુ બાબુભાઈ મકવાણા જણાવેલ ઈસમ વિરૂધ્ધ કરવામાં આવેલ દરખાસ્ત માન્ય રાખતા અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાએ નીચે જણાવ્યા મુજબના ઈસમને પાસા વોરંટની બજવણી કરી પાલરા સ્પેશ્યલ જેલ, કચ્છ ભુજ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

# હોમિયોપેથીનો સર્વાંગી સ્પર્શ : પેટી દર પેટી આરોગ્યની સંભાળ



અમરેલી, તા. ૨૩

હોમિયોપેથી મુખ્ય સારવારનો વિકલ્પ નથી, પરંતુ પૂરક સારવાર તરીકે તેનાં ઉપયોગથી પીડામાં રાહત થાય છે અને જીવનની સુખાકારી પ્રાપ્ત થાય છે.

આધુનિક યુગમાં તબીબી વિજ્ઞાન અને ચિકિત્સા પધ્ધતી ઘણી વિકસી છે, પરંતુ જે પધ્ધતિ મનુષ્યને તેના સમગ્ર અસ્તિત્વ સાથે સ્વીકારીને સારવાર આપે છે, તેમાં હોમિયોપેથીનું સ્થાન અજોડ છે.

હોમિયોપેથી એ માત્ર શારીરિક વ્યાધિઓને ઉપરછલ્લી રીતે દૂર કરવાનું સાધન નથી, પરંતુ તે માનવ જીવનના શરીર, મન અને આંતરિક ભાવનાઓને એક સાથે ધ્યાનમાં લઈને વ્યકિતગત સ્તરે સાજા કરવાનો એક અનન્ય અને સાર્વત્રિક અભિગમ ધરાવે છે.

હોમિયોપેથી ચિકિત્સા પદ્ધતિની સૌથી મોટી વિશેષતા અને ખૂબી એ છે કે તેમાં દરેક દર્દીની સારવાર તેની વિશિષ્ટ અને વ્યકિતગત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ચોકસાઈપૂર્વક કરવામાં આવે છે.

આ સારવાર પદ્ધતિમાં ઉંમરના કોઈ બંધનો નડતા નથી; તે નાની ઉંમરના નવજાત બાળકોથી લઈને મોટી ઉંમરના વયોવૃદ્ધ વડીલો સુધીના તમામ વર્ગો માટે અત્યંત અનુકૂળ, સુરક્ષિત અને અકસીર સાબિત થઈ છે.

ખાસ કરીને હોમિયોપેથીની નાની અને મીઠી ગોળ ીઓ બાળકોથી લઈને મોટેરાઓ સુધીના દરેક વ્યકિત ખૂબ જ સરળતાથી અને હોંશે-હોંશે લઈ શકે છે.

આજકાલ વારંવાર બદલાતા વાતાવરણને કારણે થતી એલર્જી, શરદી, ઉધરસ કે અન્ય સામાન્ય શારીરિક તકલીફોમાં મોટાભાગના લોકો હવે કોઈ આડઅસર વિનાના હોમિયોપેથીના સુરક્ષિત સહારા તરફ વળી રહ્યા છે. રોગને નહીં, પણ રોગીને સાજો કરવાનું ભગીરથ કામ હોમિયોપેથી કરે છે.

**વ્યસ્ત જીવનશૈલી અને હોમિયોપેથીની ભૂમિકા** આજની અત્યંત વ્યસ્ત, દોડધામભરી અને હરીફાઈયુકત જીવનશૈલીના કારણે માનસિક તણાવ, હોર્મોનલ અસંતુલન (Hromonal Imbalance) તેમજ માનસિક અસ્વસ્થતા જેવી અનેક નવી સમસ્યાઓ ઘર કરી ગઈ છે.

આવા સમયે હોમિયોપેથી માત્ર સપાટી પર દેખાતા રોગના બાહ્ય લક્ષણોની જ સારવાર નથી કરતી, પરંતુ દર્દીના શારીરિક, માનસિક અને ભાવનાત્મક પાસાઓના મૂળ સુધી જઈને તેનો જડમૂળથી નિકાલ કરવાનો ચિકિત્સાત્મક પ્રયત્ન કરે છે.

**લાંબા ગાળાના રોગોમાં અસરકારક પરિણામો** સામાન્ય અને ટૂંકા ગાળાની બીમારીઓ ઉપરાંત, લાંબા સમયથી સતાવતા જટિલ રોગોમાં પણ હોમિયોપેથી આશીર્વાદરૂપ સાબિત થઈ છે. મુખ્યત્વે પાચનતંત્રના રોગો, જ્ઞાનતંતુઓની (ચેતાતંત્રની) નબળાઈ, ચામડીના હઠીલા રોગો, સનતંત્રની તકલીફો અને સાંધાના અસહ્ય દુખાવા (સંધિવા) જેવા અનેક લાંબા ગાળાના રોગોમાં દર્દીની વ્યકિગત પ્રકૃતિ (Constitutional Nature) અને તેના આંતરિક સ્વભાવને ઊંડાણપૂર્વક સમજીને તબીબી સારવાર નક્કી કરવામાં આવે છે.

**વૃદ્ધાવસ્થા અને પૂરક સારવાર તરીકે ઉપયોગિતા** વૃદ્ધાવસ્થામાં શરીર નબળું પડતાં વડીલો એકસાથે અનેક રોગો માટે ઘણી બધી ભારે દવાઓ લેતા હોય છે. આવી સ્થિતિમાં ઘણી વખત દવાઓની આડઅસર થવાનો ભય રહે છે. આ સમયે ઘણા દર્દીઓ હોમિયોપેથીને એક શ્રેષ્ઠ 'પૂરક સારવાર'(Complementary/ Supprotive Treatment) તરીકે ખૂબ જ પસંદ કરે છે.

યોગ્ય તબીબી માર્ગદર્શન અને સલાહ હેઠળ આ સારવારને ચાલુ અન્ય એલોપેથિક કે પ્રચલિત દવાઓ સાથે પણ કોઈ જ આડઅસર વગર સરળતાથી લઈ શકાય છે, જે દર્દીના શારીરિક આરામમાં વધારો કરે છે અને તેમના જીવનની ગુણવત્તા (Quality of Life) સુધારવામાં અત્યંત મદદરૂપ બને છે.

કેન્સર જેવી અતિ ગંભીર અને જીવલેણ બીમારીઓમાં હોમિયોપેથી મુખ્ય સારવારનો વિકલ્પ નથી, પરંતુ યોગ્ય તબીબી સલાહ હેઠળ કીમોથેરાપી કે રેડિયેશન જેવી આકરી પ્રક્રિયાઓ સાથે પૂરક સારવાર તરીકે તેનો ઉપયોગ કરવાથી દર્દીઓને અદભુત માનસિક શાંતિ મળે છે, પીડામાં રાહત થાય છે અને જીવનની સુખાકારી પ્રાપ્ત થાય છે.

**તબીબી સમર્પણ અને સાચો ધર્મ** એક હોમિયોપેથી ડોકટર તરીકે દરરોજ અસંખ્ય દર્દીઓના જીવનમાં અને તેમના સ્વાસ્થ્યમાં આવતા સકારાત્મક પરિવર્તનોને નિહાળવા, એ અમારા માટે અત્યંત ગૌરવપૂર્ણ બાબત છે અને વધુ સમર્પિત થવાની પ્રેરણા આપે છે. દર્દીના સ્વાસ્થ્યની સાચી સુખાકારી માટેનું આ નિઃસ્વાર્થ સમર્પણ જ સાચા અર્થમાં ચિકિત્સકનો પરમ ધર્મ છે.

હોમિયોપેથીમાં મુખ્યત્વે પાચનતંત્રના રોગો, જ્ઞાનતંતુઓની નબળાઈ, ચામડીના હઠીલા રોગો, સનતંત્રની તકલીફો અને સાંધાના દુખાવા જેવા રોગોમાં તેનો આંતરિક સ્વભાવ સમજીને તબીબી સારવાર થાય છે.



- લેખક હોમિયોપેથી તબીબ છે (સંસ્કાર હોમિયો ક્લિનિક, માણેકપરા, અમરેલી)

# લીલીયા સરકારી કોલેજ ખાતે 'રાષ્ટ્રીય ધ્વજ અંગીકરણ દિવસ'ની ઉજવણી કરાઈ



અમરેલી, તા. ૨૩

લીલીયા સરકારી વિનયન અને વાણિજય કોલેજ ખાતે NCC વિભાગ દ્વારા 'રાષ્ટ્રીય ધ્વજ અંગીકરણ દિવસ' (National Flag Adoption Day)ની ખૂબ જ ઉત્સાહ અને દેશભકિતના માહોલ વચ્ચે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડના સીધા માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ યોજવામાં આવ્યો હતો. કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના આસી. પ્રોફેસર અને NCC ઓફિસર (ANO) ડો. મહેશ એસ. ગઢિયા દ્વારા આ રાષ્ટ્રીય પર્વનું અત્યંત સુંદર અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ ગૌરવશાળી કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના અંગ્રેજી વિષયના આસી. પ્રોફેસર ડો. સબીર પરમાર દ્વારા રાષ્ટ્રધ્વજ 'તિરંગા'ના ઐતિહાસિક મહત્વ અંગે વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. તેમણે ૨૨ જુલાઈ ૧૯૪૭ના રોજ ભારતની બંધારણ સભા દ્વારા તિરંગાને સ્વતંત્ર ભારતના રાષ્ટ્રીય ધ્વજ તરીકે સત્તાવાર રીતે અપનાવવામાં આવ્યો, તેના ગૌરવવંતા ઈતિહાસ અને ત્રણેય રંગોની પ્રતીકાત્મકતા વિશે વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક માહિતગાર કર્યા હતા. ત્યારબાદ, કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડએ 'તિરંગો એ દેશની શાન' વિષય પર પોતાનું પ્રેરણાદાયક અને ઊર્જાવાન વકતવ્ય આપ્યું હતું. તેમણે ઉપસ્થિત NCC કેડેટસ અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, આપણો રાષ્ટ્રધ્વજ એ માત્ર કાપડનો ટુકડો નથી, પરંતુ તે આ દેશના કરોડો નાગરિકોની એકતા, અખંડિતતા અને સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનનું જીવંત પ્રતીક છે. તેમણે યુવાનોને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપવા અને જીવનના દરેક તબક્કે તિરંગાનું સન્માન જાળવવા આહ્વાન કર્યું હતું.

કાર્યક્રમની આભાર વિધિ ગુજરાતી વિભાગના અધ્યાપક ડો. ભરત ખેની દ્વારા કરવામાં આવેલ હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. મહેશ ગઢિયા દ્વારા કરવામાં આવેલ હતું.

કાર્યકેમને સફળ બનાવવા માટે ડો. પી.પી. પરમાર (આસી. પ્રો. કોમર્સ), ડો. મહેશ વાઘેલા (આસી. પ્રોફેસર હિન્દી), ડો. વિરાજબેન રાઠોડ (આસી.પ્રો. એકાઉન્ટન્સી), વિઝિટિંગ સ્ટાફ પ્રદીપભાઈ, સંજયભાઈ, પ્રફુલભાઈ, હીનાબેન વગેરે એ જહેમત ઉઠાવી હતી અને કેડેટસમાં શિસ્ત તથા રાષ્ટ્રપ્રેમની ભાવના ઉજાગર કરી હતી. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં NCC કેડેટસ, વિદ્યાર્થીઓ તેમજ કોલેજનો શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યો હતો. આમ કાર્યક્રમ ખુબજ સરસ અને સુંદર રીતે સફળ થયો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# ''માનવ-વન્યજીવ સંઘર્ષ નિવારણ'' અંગે ધારી ખાતે કાનુની સેવા સતા મંડળ અને વનવિભાગ દ્વારા જાગૃતિ શિબિર યોજાઈ

## વન્યજીવો પ્રત્યે આત્મીયતા અને સુરક્ષા અંગે વિગતો રજુ કરાઈ



અમરેલી, તા. ૨૩

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અમરેલીનાં સેકેટરી પ્રખર શર્મા અને તાલુકા કાનુની સેવા સમિતિનાં ચેરમેન એમ.એમ. સૈયદનાં માર્ગદર્શન હેઠળ તથા વન વિભાગ ધારીનાં સહયોગથી તારીખ ૨૨ના રોજ ધારી મુકામે આવેલ જી.એન. દામાણી હાઈસ્કૂલ ખાતે એક વિશેષ જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં ગીરકાંઠાના ગામો તેમજ જંગલ વિસ્તારની નજીક રહેતા નાગરિકો અને સિંહ-દીપડા જેવા વન્યજીવો વચ્ચે સંઘર્ષના બનાવો સતત વધી રહ્યા છે, જેને ધ્યાનમાં રાખીને આ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના સેકેટરી અને સિનિયર સિવિલ જજ પ્રખર શર્મા, વન વિભાગ તરફથી એ.સી.એફ. અમિતભાઈ વાણિયા, ધારી કોર્ટનાં રજીસ્ટ્રાર ગણેશભાઈ ચાવડા તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ ધારીના સેકેટરી સી.કે. ભરાડ અને પીએલવીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે શાળ ાના પ્રિન્સિપાલ બારડે ઉપસ્થિત તમામ મહાનુભાવોનું હાર્દિક સ્વાગત કર્યું હતું.શિબિર દરમિયાન એ.સી.એફ. દ્વારા વિદ્યાર્થીઓને વન્યજીવો અંગે ઉપયોગી માહિતી આપતા જણાવ્યું હતું કે, સિંહ અને દીપડાનું કેવા સંજોગોમાં કેવું વર્તન હોય છે અને માનવ તથા વન્યજીવ વચ્ચે સંઘર્ષ થવાના મુખ્ય કારણો કયા છે. તેમણે આવા સંઘર્ષથી કેવી રીતે બચી શકાય, ગેરકાયદેસર સિંહ દર્શન (લાયન શો) કરવા બદલ થતી કડક સજાની જોગવાઈઓ, તેમજ કદાચ માનવ-વન્યજીવ વચ્ચે સંઘર્ષનો કોઈ બનાવ બને તો તેવા સમયે ત્વરિત શું પગલાં ભરવા તે અંગે વિસ્તારપૂર્વક માર્ગદર્શન પૂરૂ પાડયું હતું. આ ઉપરાંત સમાજમાં આ અંગે જાગૃતિ ફેલાવવામાં વિદ્યાર્થીઓ કેવી મહત્વની ભૂમિકા ભજવી શકે છે, તે વિશે પણ સરળ શૈલીમાં સમજાવ્યું હતું.

ત્યારબાદ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેકેટરી પ્રખર શર્મા દ્વારા નાલસાની 'હ્યુમન વાઈલ્ડ લાઈફ કોલિકટ' (માનવ-વન્યજીવ સંઘર્ષ) યોજના સહિત કાનૂની સત્તા મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત કાનૂની માહિતી પૂરી પાડી હતી. તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ 'કાયદાનો કકકો' પુસ્તક શાળ ા તથા વનવિભાગને ભેટ આપ્યુ હતુ. કાર્યક્રમના અંતે ધારી કોર્ટનાં રજીસ્ટ્રાર ગણેશભાઈ ચાવડા દ્વારા પ્રસંગોચિત પ્રવચન આપી આયોજનની સાર્થકતા દર્શાવી હતી. વન્યજીવો પ્રત્યે આત્મિયતા અને સુરક્ષા અંગેની આવી મહત્વપૂર્ણ વિગતો સરળ રીતે શીખવા મળતા શાળાના વિદ્યાર્થીઓએ ભારે ખુશી વ્યકત કરી હતી.

# પ્રાદેશિક પાલિકા કમિશનર દ્વારા અમરેલીમાં ઘન કચરાના નિકાલ અને SWMનાં અમલીકરણ અર્થે વર્કશોપ યોજાયો

## પાલિકાનાં પદાધીકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૩

નામદાર સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશો મુજબ ''ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬'' (SWM Rules - ૨૦૨૬)ના સુચારૂ અને અસરકારક અમલીકરણ અર્થે પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ, ભાવનગર ઝોન દ્વારા તારીખ ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલ, અમરેલી ખાતે પ્રાદેશિક સ્તરીય એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રાદેશિક કમિશ્નર સુનીલ (IAS) તેમજ અધિક કલેકટર ડી.એન. સતાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં ભાવનગર ઝોન હેઠળની વિવિધ નગરપાલિકાઓના પ્રમુખઓ, પદાધિકારીઓ, ચીફ ઓફિસરઓ, સિટી મેનેજરો (SWM & IT), સેનેટરી ઈન્સ્પેકટરઓ તથા ઝોનલ મેનેજરઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

વર્કશોપ દરમિયાન ગુજરાત એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટ (GEMI)ના DEE પરેશ ચાવડા દ્વારા SWM Rules - ૨૦૨૬ અન્વયે ચૂંટાયેલી પાંખની ભૂમિકા અને જવાબદારીઓ, બલ્ક વેસ્ટ જનરેટર (BWG)ની જવાબદારીઓ, EBWGR સર્ટિફિકેટ તેમજ CPCB પોર્ટલ પર નિયત સમયમર્યાદામાં કરવાની થતી કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ કન્સેપ્ટ બાયોટેક અને કચ આઝાદી ફાઉન્ડેશન, વડોદરાના પ્રોપ્રાઈટર ડો. સુનીત ડબકે દ્વારા કચરાનું ૪ પ્રકારમાં વર્ગીકરણ, બલ્ક વેસ્ટ જનરેટરની ઓળખ અને નોંધણી, કચરો ઉત્પન્ન કરનાર અને શહેરી સ્થાનિક સંસ્થાઓની જવાબદારીઓ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના આદેશો અન્વયે કરવાની થતી કામગીરી વિશે સમજ પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમના અંતિમ ચરણમાં B.A. પ્રેરણા ગ્રુપ ઓફ કંપનીઝ, સુરતના નિરજ મીઠાણી દ્વારા ડમ્પ સાઈટની ઓળખ તથા ડમ્પ કચરાના નિકાલ અને વ્યવસ્થાપનનું યોગ્ય આયોજન કરવા અંગેનું ટેકનિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપના માધ્યમથી નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓને ઘન કચરાના વૈજ્ઞાનિક નિકાલ, કાયદાકીય જોગવાઈઓના પાલન અને પર્યાવરણ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટેનું મહત્વપૂર્ણ માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

# અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને અમરેલી ખાતે ''માય ભારત'' અંતર્ગત જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

## ૧૫ થી ૨૯ વર્ષની વયજૂથના યુવાનોને વ્યક્તિત્વ અને નેતૃત્વના ગુણો વિકસ માટે તક



અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ અધ્યક્ષ સ્થાને મેરા યુવા ભારત અંતર્ગત જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં યુવાઓને સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓના માપ્રયમથી વ્યકિતત્વ અને નેતૃત્વના ગુણો વિકસે તે માટે ચર્ચા કરવામાં આવી હતી. ખાસ યુવાનો અને સરકારી-સામાજિક તકોને જોડતો ડિજિટલ પુલ MY Bharat Portal પર યુવાઓનું મહત્તમ રજીસ્ટ્રેશન તેના ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે કોલેજો, NSS, NCC, રમતગમત વિભાગ, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ સહિતના સંબંધિત વિભાગોને માય ભારત પોર્ટલ સાથે મહત્તમ યુવાનોને જોડવા માર્ગદર્શક સૂચનાઓ આપી હતી. તેમણે આ સઘન નોંધણી ઝુંબેશમાં યુવાનોની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે જરૂરી માર્ગદર્શન પણ કર્યું હતું.

આ તકે 'માય ભારત' પોર્ટલ રજીસ્ટ્રેશન અભિયાનના વિશેષ પોસ્ટરનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પોર્ટલ પર ૧૫ થી ૨૯ વર્ષની વયજૂથના યુવાનો MY Bharat Portal (www.mybharat.gov.in) પર રજીસ્ટ્રેશન કરી શકશે. જેના માધ્યમથી યુવકોને સરકારી સામાજિક તકો વગેરે વિશે જાણકારી મળ તી રહેશે.

આ બેઠકમાં જિલ્લામાં માય ભારતની અંતર્ગતની વિવિધ પ્રવૃત્તિઓ પણ સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન જિલ્લા યુવા અધિકારી મયંક ભદેરીયાએ ભારત સરકારના રમતગમત મંત્રાલય અંતર્ગતના માય ભારત પોર્ટલના ઉદેશ્યો, વિઝન અને યુવાનોના સર્વાંગી વિકાસમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ પોર્ટલ યુવાનોને સ્વયંસેવા, નેતૃત્વ વિકાસ, કૌશલ્ય વિકાસ, રાષ્ટ્ર નિર્માણ અને વિવિધ સરકારી યોજનાઓ તથા તકો સાથે જોડવાનું એક સશકત માધ્યમ છે. વધુમાં, તેમણે વિભાગો વચ્ચે સંકલન પર ભાર મૂકયો હતો.


આ બેઠકમાં IAS અધિકારી સુશ્રી હર્ષિતા ગોયલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક કે.જે. જાડેજા, લીડ બેંક મેનેજર, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા રોજગાર અધિકારી, NSS, NCC, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત વિકાસ અધિકારી સહિત વિવિધ વિભાગોના જિલ્લા સ્તરના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ટસા ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરાશે

અમરેલી, તા. ૨૩

અધ્યાત્મ જગતમાં સદગુરૂનું સ્થાન અદ્વિતીય અને સર્વોચ્ચ છે. ગુરૂકૃપાએ જીવનની અનમોલ ઉપલબ્ધિ છે. એ ગુરૂકૃપા પ્રાપ્ત કરવા માટે અહંકારની ગુરૂદક્ષિણા ગુરૂચરણે સમર્પિત કરવા ગુરૂદેવ પાસે જવાનો પર્વ એટલે ગુરૂપૂર્ણિમા પર્વ.

સનાતન ધર્મની વૈદિક સંન્યાસ પરંપરામાં એક પવિત્ર, ત્યાગ- વૈરાગ્યમય, માનવતાવાદી જીવનનો આદર્શ સ્થાપિત કરનાર શિવયોગી મહાપુરૂષ એટલે પૂજયપાદ સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ. પૂજય સ્વામીજી દ્વારા સનાતન ધર્મનાં નવજાગરણ એવં માનવ સમાજમાં, સેવા-ભકિતનાં સંસ્કારોનું સિંચન કરવાના શુભાશયથી સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પ્રસ્થાપિત ૨૦ જેટલા આશ્રમોમાં પ્રતિવર્ષ ઉજવાતા નાના-મોટા મહોત્સવોમાંનો સૌથી મોટો ઉત્સવ એટલે ગુઢપૂર્ણિમા મહોત્સવ. બોટાદ જિલ્લાનાં ઢસા મુકામે પૂજય સ્વામીજી દ્વારા પ્રસ્થાપિત સંન્યાસ આશ્રમનાં સત્સંગ મંડળ દ્વારા પૂજય સ્વામીજીનાં કૃપાપાત્ર સદશિષ્ય સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજની અધ્યક્ષતામાં અને નિશ્રામાં આગામી તા. ૨૯/૭/૨૦૨૬ને બુધવારનાં રોજ આ ગુરૂપૂર્ણિમા મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.સાથોસાથ આ પ્રસંગે ભાવનગર જિલ્લાનાં ટીંબી મુકામે ૧૫ વર્ષોથી માનવમાત્રની તદ્દન નિઃશુલ્ક આરોગ્ય સેવા બજાવી રહેલી પૂજય સ્વામીજી દ્વારા પ્રસ્થાપિત 'સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ'નાં દર્દીઓનાં લાભાર્થે એક રકતદાન



મહાશિબિરનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત દર્દીનારાયણની નિઃશુલ્ક આરોગ્ય સેવાર્થે આ પ્રસંગે દંતયજ્ઞ કેમ્પ પણ ગોઠવવામાં આવેલ છે, જેમાં જાલંધર બંધ યોગ પધ્ધતિથી દાંતનાં રોગોની તદ્દન નિઃશુલ્ક ચિકિત્સા કરવામાં આવશે અને સડેલા, દુઃખતા દાંત પીડા વગર કાઢી આપવામાં આવશે. જેનો લાભ લેવા દર્દીનારાયણોને અનુરોધ કરવામાં આવે છે.

ગુરૂપૂર્ણિમા પર્વની પાવન પ્રભાતમાં આયોજિત, વિશાળ ધર્મસભામાં સવારે ૮:૦૦ કલાકે ગુરૂવંદના, સ્તુતિ, ધૂન-સંકીર્તનથી કાર્યક્રમનો શુભારંભ થશે. ત્યારબાદ ૯:૦૦ કલાકે ષોડયોપચાર વિધિથી પૂજય સ્વામીજીની પ્રતિમાની પૂજનવિધિ કરવામાં આવશે. ત્યારપછી સ્વાગતવિધિ બાદ ૧૦:૦૦ કલાકે પૂજય સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ ગુરૂભકિત, ગુરૂતવ રહસ્ય તેમજ ગુરૂચૈતન્યની અનુભૂતિ વિષયક પ્રેરણાદાયી અમૃતવાણી વહાવીને ગુરૂભકતોને લાભાન્વિત કરશે. ૧૧:૩૦ કલાકે મહાનુભાવોનાં સન્માન અને ગુરૂભકતો દ્વારા પ્રાસંગિક વકવ્યો પ્રસ્તુત કરવાં આવશે. ૧૨:૩૦ કલાકે આભારવિધિ બાદ સર્વે ઉપસ્થિત મહેમાનો અને ધર્મપ્રેમી જનતાને પૂજય ગુરૂદેવનો સમૂહ ભોજન-મહાપ્રસાદ આપવામાં આવશે. આ સમગ્ર મહોત્સવનો, ગુરૂપૂજનનો તથા ગુરૂદેવનાં ભોજન-પ્રસાદનો લાભ લેવા માટે પધારવા સર્વે ધર્મપ્રેમીજનોને સહૃદય નિમંત્રણ પાઠવવામાં આવે છે. તેમજ આ પ્રસંગે આયોજિત રકતદાન મહાશિબિરમાં યુવા અને તંદુરસ્ત ભાઈઓ-બહેનોને રકતદાન કરવા માટે પધારવા હાર્દિક-હાર્દિક નિમંત્રણ આપવામાં આવે છે.

આ સમગ્ર કાર્યક્રમોનું જીવંત પ્રસારણ આશ્રમની યુ-ટ્યુબ ચેનલ ગુરૂ-સાન્દિધ્ય (Guru Sannidhya) તથા ફેસબુક પર પ્રસારિત કરવામાં આવશે.




# માર્ગ મકાન વિભાગ દ્વારા ૯૭ માર્ગોની મરામત પૂર્ણ કરવામાં આવી

# અમરેલી જિલ્લામાં વરસાદી પડકાર વચ્ચે માર્ગ વ્યવસ્થા સજ્જ

**માર્ગ-મકાન વિભાગની ૧૯ ટીમોએ દિવસ-રાત એક કરીને ૯૭ માર્ગોને પૂર્વવત કરી દીધા**

**પાછલા કેટલાક દિવસોમાં બંધ થયેલ ૩૮ પૈકી ૩૫ માર્ગોને પણ પૂર્વવત કરાયા**

**૨ માર્ગો ઉપર પાણીનું ઓવર ટોપીંગ અને ૧ માર્ગમાં પાણીનું વહેણ હોવાથી બાકી રહ્યા**

**પંચાયત માર્ગ-મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેર સ્મિત ચૌધરી માર્ગની જાળવણી માટે પ્રયત્નશીલ**




અમરેલી, તા. ૨૩

ચોમાસા દરમિયાન અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન પંચાયત હસ્તના રસ્તાઓને સતત કાર્યરત રાખવા માટે ૧૮ ટીમો સજ્જ છે. અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ પંચાયતના કાર્યપાલક ઈજનેર સ્મિત ચૌધરીના માર્ગદર્શન અને મોનીટરીંગમાં બંધ રસ્તાઓના મરામત કરી તેને મોટરેબલ કરવામાં આવ્યા છે. જુલાઈ મહિનાની શરૂઆતમાં ભારે વરસાદના કારણે નુકસાન પામેલા તમામ ૯૭ માર્ગોને પૂર્વવત કરવામાં આવ્યા છે.

વધુમાં જણાવ્યું હતું કે, ચાલુ ચોમાસા હાલ પાછલા કેટલાક દિવસોમાં ૩૮ માર્ગો બંધ થયા હતા તે પૈકીના ૩૫ રસ્તાઓ શરૂ કરવામાં આવ્યા છે. બંધ ૦૩ રસ્તા પૈકી ૦૨ પર પાણીનું ઓવરટોપીંગ હોવાના લીધે બંધ છે જયારે ૦૧ રસ્તામાં નદીમાં પાણીનું વહેણ શરૂ હોવાના લીધે ડાયવર્ઝનને નુકસાન થવાના લીધે બંધ કરવામાં આવ્યો છે. હાલ બંધ પૈકીના તમામ ૩૫ માર્ગો શરૂ કરવામાં આવ્યા છે.

બંધ રસ્તા પૈકી ડાયવર્ઝનના કારણે જે રોડ બંધ છે તેમાં ઈજારાદાર દ્વારા સ્કુલ બસની સુવિધા ચોમાસા દરમિયાન કરવામાં આવનાર છે. આ રસ્તો બાબરીયાધાર-અમૂલી- અખેગઢ નો માર્ગ છે. આ માર્ગના વિદ્યાર્થીઓને જયાં અગવડ પડે છે ત્યાં સ્કૂલ બસની વ્યવસ્થા કરવામાં આવશે.

માર્ગ અને મકાન વિભાગ પંચાયતની ૧૮ ટીમો ફિલ્ડમાં સર્વે અને આવનાર મુશ્કેલી સામે લડવા મશીનરી-મટીરીયલ સાથે સજ્જ છે.

**''મિશન સ્માઈલ''ને પ્રતિષ્ઠિત SKOCH Awardથી સન્માનીત કરાતા**

# અમરેલીનાં પોલીસ અધિક્ષક સહિત સમગ્ર પોલીસ ટીમને મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા

**બાળકો, શિક્ષકો અને વાલીઓને સુંદર માર્ગદર્શન મળી રહ્યુ છે**

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા પોલીસની બાળ સુરક્ષા અને કલ્યાણ અર્થેની અનુકરણીય પહેલ ''મિશન સ્માઈલ''ને પ્રતિષ્ઠિત ''SKOCH Award''થી સન્માનિત કરવામાં આવતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખેરાતને અભિનંદન પાઠવ્યા હતા.



મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીના દીર્ઘદષ્ટિપૂર્ણ વિઝન અનુસાર, દેશના બાળકો માત્ર ભવિષ્યના નાગરિકો જ નહીં, પરંતુ 'વિકસિત ભારત @૨૦૪૭'નો મુખ્ય આધારસ્તંભ છે. વડાપ્રધાન હંમેશાં પ્રત્યેક બાળકને સુરક્ષિત, શિક્ષિત, સ્વસ્થ અને સન્માનપૂર્ણ વાતાવરણ મળે તથા તેઓ આત્મવિસ કેળવે તેના પર વિશેષ ભાર મૂકે છે. 'બેટી બચાવો, બેટી પઢાવો, 'નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP ૨૦૨૦), 'પોષણ અભિયાન' અને બાળ આરોગ્યની વિવિધ પહેલો દ્વારા બાળ વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી છે. તેમનું આ વિઝન માત્ર બાળ કલ્યાણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ એક સુરક્ષિત, સશકત અને આત્મનિર્ભર રાષ્ટ્રના નિર્માણની મજબૂત નીંવ છે.

અનુસંધાન પાના ૬ ઉપર

**એલ.કે.જી.થી લઈને ધો. ૧૨માં ૬૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવનારને પ્રોત્સાહિત કરાશે**

# બાબરા ખાતે જલારામ મંદિરમાં રઘુવીર સેના દ્વારા રવિવારે તેજસ્વી તારલાઓનુ સન્માન કરવામાં આવશે

**ડો. કાનાબાર, ભાવેશ સોઢા, સુમિત ઠક્કર, ડીવાયએસપી વિરલ ચંદન, ડીવાયએસપી વિસ્મય માનસેતા ઉપસ્થિત રહેશે**

બાબરા, તા. ૨૩

બાબરા રઘુવીર સેના દ્વારા આગામી રવિવાર, તા. ૨૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ જલારામ મંદિર, બાબરા ખાતે સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધે અને વિદ્યાર્થીઓને ઉત્તમ પરિણામ માટે પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુથી યોજાનારા આ કાર્યક્રમમાં એલ.કે.જી. થી ધોરણ-૧૨ સુધીમાં ૬૫ ટકા કે

અનુસંધાન પાના ૬ ઉપર
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)